।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

શ્રી જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસૂરિ
સદ્ગુરુભ્યો નમઃ

# યોગ શતક; યોગ સાર

[ ગુજરાતી અનુવાદ સહ ]

પ્રકાશક :
શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મણ્ડળ
અંજાર ( કચ્છ )

પ્રાપ્તિ સ્થાન-

શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મણ્ડળ
શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય
P/O અંજાર. [કચ્છ]

દ્રવ્ય સહાયક :

શ્રી આરાધના ભુવન [redacted] જ્ઞાનખાતું
રતલામ. (મ. પ્ર.)

મૂલ્ય-ત્રણ રુપિયા

સંવત ૨૦૩૯

મુદ્રક :

જૈનોદય પ્રિંટિંગ પ્રેસ,
ચૌમુખીપુલ, રતલામ. (મ. પ્ર.) ૪૫૭૦૦૧

## પ્રકાશકીય—

યોગ આત્માનું ઔષધ છે.

યોગ આત્માના દોષોનું શુદ્ધિકરણ કરીને ગુણોને પ્રગટ કરે છે, અને પુષ્ટ બનાવે છે.

શરીરમાં રહેલા રોગો-દોષોને દૂર કરે અને શરીરની તુષ્ટિ-પુષ્ટિ કરે એને ગુણકારી ઔષધ કહેવાય છે. રોગોને દબાવી દઈને, માત્ર ઉપર છલ્લી રાહત આપે એવા ઔષધને ગુણકારી કહી શકાય નહિં એમ જે સાધના ભીતરના કામ, ક્રોધ, માન, માયા, મદ, મત્સર, લોભ, લાલસા, રાગ-દ્વેષ આદિ દોષોને મંદ કરે, નિમૂંળ બનાવે અને નિર્વિકારતા, સમતા, નમ્રતા, સરલતા, મૈત્રીભાવ, સંતોષ અને માધ્યસ્થ્ય આદિ ગુણોને પ્રગટ કરે, પુષ્ટ બનાવે એને જ સાચી-અધ્યાત્મ કે યોગ સાધના કહી શકાય છે. "**मोक्षेण योजनाद्**

**योग:**" જે આત્માને મોક્ષ સાથે જોડી આપે એને જ યોગ કહેવાય છે. જે સાધનાના કેન્દ્રમાં વીતરાગ પરમાત્મા અને મોક્ષનું એક માત્ર લક્ષ્ય છે એ સાચો યોગમાર્ગ છે. એ માર્ગ પર પ્રયાણ કરનાર સાધક અવશ્ય પોતાના સહજ સ્વરૂપ ને અનુભવવામાં સફળ બની શકે છે.

પરમાત્મા, સદ્‌ગુરૂ અને સત્શાસ્ત્રનું આલંબન એ જ યોગસાધનાની ઈમારતનો મજબૂત પાયો છે, પાયા વિના ઈમારત ચણવાની મોટી મોટી વાતો કે એવી પ્રવૃત્તિઓથી આત્માનું વાસ્તવિક હિત-શ્રેય કદાપિ સિદ્ધ થઈ શકતું નથી. શરીરના અંગો કે શ્વાસોશ્વાસની ગતિ તરફ મનને કેન્દ્રિત કરી ઉપર છલ્લા માનસિક આવેગો, આવેશો કે તનાવોને શાન્ત કરી દેવા માત્રથી શું જન્મ-મરણના ફેરા ટલી શકે છે? આત્માના સહજ સ્વરૂપની ઝાંખી થઈ શકે છે? અર્થાત્ ન જ થઈ શકે.

પ્રસ્તુત 'યોગશતક' અને 'યોગસાર' માં ઉચ્ચ કોટીના સાધક મહાત્માઓની અનુભવ-

વાણી ગૂંથાએલી છે જેનાથી યોગ સાધના અંગેનું વાસ્તવિક માર્ગદર્શન અને સાધનામાં પ્રેરક, પૂરક સુંદર હિતોપદેશ આપણને જાણવા મળે છે. યોગ વિષયક આવા અનેક, અમૂલ્ય પ્રકરણો અને ગ્રન્થોની ભેટ જ્ઞાની મહાપુરૂષોએ કરી છે, તેમાં પણ પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજનું તુલનાત્મક અને સમન્વય પ્રધાન યોગ સાહિત્ય આપણને એક નવી દૃષ્ટિ અને નવો પ્રકાશ આપી જાય છે.

જૈન શાસનનું પ્રત્યેક અનુષ્ઠાન આત્માને મોક્ષ સાથે જોડી આપવામાં સક્ષમ-સમર્થ હોવાથી એ 'યોગ' રૂપ જ છે. એનો આરાધક કોણ હોઈ શકે? અને એ કઈ રીતે ઉત્તરોતર આત્મ-વિકાસ સાધી, પોતાના સહજ, શુદ્ધ સ્વરૂપને સાધી શકે? એની સાચી જાણકારી જ્ઞાની મહાપુરૂષોએ પોતાના ગ્રન્થોમાં આપણને આપી છે. જરૂર છે આપણી યોગવિષયક સાચી જિજ્ઞાસા અને રૂચિને પ્રગટ કરવાની, તીવ્ર બનાવવાની.

પ્રસ્તુત લઘુ પુસ્તકમાં 'યોગ શતક' અને 'યોગસાર' આ બે પ્રકરણો મૂલ ગાથા અને ગુજરાતી અનુવાદ સાથે આપવામાં આવ્યા છે. અધ્યાત્મયોગી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **કલાપૂર્ણસૂરીશ્વરજી** મ. સા. આદિએ આ ગ્રન્થના પ્રકાશમાં સુંદર સહયોગ આપ્યો છે, તે બદલ અમારી સંસ્થા તેઓ પૂજ્યશ્રીની અત્યંત ઋણી છે.

અભ્યાસીઓને કંઠસ્થ કરવામાં તથા સ્વાધ્યાય અને આત્મચિંતનમાં ઉપયોગી બને એ શુભ ઉદ્દેશથી આ લઘુ પુસ્તિકા પ્રગટ કરવામાં આવે છે.

મતિમંદ યા પ્રેસ દોષના કારણે આ પુસ્તકમાં કોઈ ક્ષતિ રહી હોય તો તે બદલ 'મિચ્છામિ દુક્કડમ્' આપવા સાથે વિરમીએ છીએ અને અભારી આ સંસ્થાને આવું ઉત્તમ સાહિત્ય પ્રકાશિત કરવાનું સૌભાગ્ય વારંવાર મળતું રહે એવી હાર્દિક ભાવના રાખીએ છીએ.

સૂરિ પુરન્દર શ્રી હરિભદ્રસૂરિ વિરચિત

# "યોગ-શતક"

**नमिऊण जोगिणाहं, सुजोगसंदंसगं महावीरं।**
**वोच्छामि जोगलेसं, जोगज्झयणाणुसारेणं ॥१॥**

—શ્રેષ્ઠ યોગના ઉપદેશક, મુનિઓના નાથ એવા શ્રી મહાવીર પરમાત્મા ને પ્રણામ કરીને, યોગના અધ્યયન ( પ્રવચન પ્રસિદ્ધ યોગ ગ્રંથોના ) અનુસારે યોગનું કિંચિત્ સ્વરૂપ કહીશ ॥૧॥

**निच्छयओ इह जोगो सण्णाणाईण तिण्ह संबंधो।**
**मोक्खेण जोयणाओ णिद्दिट्ठो जोगिनाहेहिं ॥२॥**

—સમ્યગ્ જ્ઞાનાદિ ત્રણનો આત્મા સાથે સંબંધ થવો તેને યોગીશ્વરો નિશ્ચયનયની અપેક્ષાએ યોગ કહે છે. કેમકે તે મોક્ષ સાથે યોગ-સંબંધ કરી આપે છે ॥૨॥

**सण्णाणं वत्थुगओ बोहो, सद्दंसणं तु तत्थ रुई ।**
**सच्चरणमणुट्ठाणं विहि-पडिसेहाणुगं तत्थ ॥३॥**

--વસ્તુ–આત્માદિ તત્ત્વ વિષયક યથાર્થ બોધ તે સમ્યગ્જ્ઞાન છે, તત્ત્વવિષયક યથાર્થ રુચિ તે સમ્યગ્ દર્શન છે. અને તત્ત્વવિષયક શાસ્ત્રોકત વિધિ-નિષેધ ને અનુસરતું અનુષ્ઠાન એ સમ્યક્ ચારિત્ર છે ॥૩॥

**ववहारओ उ एसो विन्नेओ एयकारणाणं पि ।**
**जो संबंधो सो वि य कारण कज्जोवयाराओ॥४॥**

—સમ્યગ્જ્ઞાનાદિના કારણો-સાધનો (ગુરૂ વિનયાદિ) નો આત્મા સાથે સંબંધ થવો તે પણ કારણમાં કાર્યનાં ઉપચારની અપેક્ષાએ વ્યવહારથી 'યોગ' જ છે. અને તે 'વ્યવહાર યોગ' આ પ્રમાણે છે ॥૪॥

**गुरु विणओ सुस्सूसाइया य विहिणा उ धम्मसत्थेसु**
**तह चेवाणुट्ठाणं विहि-पडिसेहेसु जहसत्ति ।५।**

-વિધિ પૂર્વક ગુરૂ વિનય અને ધર્મ શાસ્ત્ર વિષયક શુશ્રુષા (શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા

શ્રવણાદિ) તથા શાસ્ત્ર વિહિત કાર્યોનું વિધિપૂર્વક યથાશક્તિ પાલન અને નિષિદ્ધ કાર્યોનો યથાશક્તિ ત્યાગ વગેરે અનુષ્ઠાન એ વ્યવહારથી 'યોગ' કહેવાય છે ।।૫।।

**एत्तोच्चिय कालेणं नियमा सिद्धी पगिट्ठरूवाणं ।**
**सण्णाणाईण तहा जायइ अणुबंधभावेणं ।।६।।**

—ગુરુ વિનયાદિ વ્યવહાર યોગના આસેવનથી યોગ્ય કાળે પ્રકૃષ્ટરૂપે અર્થાત્ ઉત્તરોત્તર અવિચ્છિન્નપણે એકધારી વૃદ્ધિ પામતાં એવા સમ્યગ્ જ્ઞાનાદિ ત્રણની-નિશ્ચય યોગની અવશ્ય સિદ્ધિ થાય છે ।।૬।।

**मग्गेणं गच्छंतो सम्मं सत्तीए इट्ठपुरपहिओ ।**
**जह तह गुरुविणयाइसु पयट्टओ एत्थ जोगि त्ति।।७**

—નિશ્ચિત કરેલા ગામના માર્ગે પોતાની શક્તિ મુજબ ગમન કરનાર વ્યક્તિ જેમ તે ગામનો પથિક કહેવાય છે, તેમ અહીં ગુરૂવિનયાદિમાં વિધિ-પૂર્વક પ્રવૃત્તિ કરનાર વ્યક્તિ યોગી કહેવાય છે ।।૭।।

**अहिगारिणो उवाएण होइ सिद्धी समत्थवत्थुम्मि ।**
**फलपगरिसभावाओ, विसेसओ जोगमग्गम्मि ।८।**

—જેમ સર્વ સેવાદિ કાર્યો માં યોગ્ય-અધિકારીને ઉપાય વડે પ્રકૃષ્ટ ફળ પ્રાપ્તિ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેમ યોગ-માર્ગ માં પણ વિશિષ્ટ અધિકારીને જ ઉપાય દ્વારા સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે ॥૮॥

**अहिगारी पुण एत्थं विण्णेओ अपुणबंधगाइ त्ति ।**
**तह तह णियत्तपगई-अहिगारो णेगभेओत्ति ॥९॥**

—અપુનર્બંધક આદિ યોગ-માર્ગના અધિકારી છે અને આ અધિકારી પણ કર્મ પ્રકૃતિની નિવૃત્તિ-વિચિત્ર ફલ આપવાની યોગ્યતાના અભાવની અપેક્ષાએ અનેક પ્રકારનો છે. ॥૯॥

**अणियत्ते पुण तिए एगंतेणेव हंदि अहिगारो ।**
**तप्परतंतो भवरागओ दढं अणहिगारि त्ति॥१०॥**

—કર્મ પ્રકૃતિનું જોર ઘટ્યા વિના જીવને યોગ-માર્ગ નો અધિકાર મલી શકતો નથી. કારણ કે

કર્મોની આધીનતા ને લઈને અત્યંત સાંસારિક રાગવાલો જીવ યોગનો અનધિકારી છે ॥૧૦॥

**तप्पोग्गलाण तग्गहण सहावावगमश्रो य एयं ति ।**
**इय दट्ठव्वं इहरा, तहबंधाई न जुज्जंति ॥११॥**

–કર્મ પ્રકૃતિના પુદ્દગલોનો જીવ ને વળગવાનો સ્વભાવ અને જીવનો કર્મ-પુદ્દગલ ગ્રહણ કરવાનો સ્વભાવ દૂર કરંવાથી કર્મ પ્રકૃતિ નો અધિકાર નિવૃત થાય છે અને તેથી યોગનું અધિકારી પણું પ્રાપ્ત થાય છે. અન્યથા એટલે કે બન્ને (કર્મ પ્રકૃતિ અને જીવ) નો ઉક્ત સ્વભાવ માનવામાં ન આવે તો બંધ-મોક્ષાદિ ઘટી શકે નહિં ॥૧૧॥

**एयं पुण णिच्छयश्रो श्रइसयणाणी वियाणए णवरं ।**
**इयरो वि य लिंगेहिं उवउत्तो तेण भणिएहिं ।१२।**

–પૂર્વોક્ત અધિકારીપણું નિશ્ચયથી કેવલજ્ઞાની જ જાણી શકે અને બીજા છદ્મસ્થ જીવો કેવલી કથિત યથોક્ત ચિન્હ વડે ઉપયુક્ત બની અનુમાનાદિથી જાણી શકે છે ॥૧૨॥

पावं न तिव्वभावा कुणइ, ण बहुमण्णई भवं घोरं।
उचियट्ठिइं च सेवइ, सव्वत्थ वि अपुणबंधो त्ति॥१३॥

–(૧) જે તીવ્ર-સંકિલષ્ઠ ભાવથી પાપ ન કરે, (૨) ભયંકર એવા સંસાર માં ગાઢ આસકિત ન રાખે અને (૩) સર્વ ધર્માદિ કાર્યો માં ઉચિત મર્યાદાનું પાલન કરે અર્થાત્ ઔચિત્યપૂર્વક માર્ગાનુસારી પ્રવૃત્તિ કરે તે, અપુનર્બંધક છે ॥૧૩॥

सुस्सूसा धम्मराओ गुरु-देवाणं जहासमाहीए।
वेयावच्चे णियमो सम्मद्दिट्ठिस्स लिंगाइं॥१४॥

–(૧) ધર્મશાસ્ત્ર સાંભળવાની ઈચ્છા (૨) ધર્મ-રાગ-ધર્મ પ્રત્યે પ્રીતિ અને (૩) દેવ અને ગુરૂની યથાસમાધિએ ચિત્તની પ્રસન્નતા રહે એ રીતે વૈયાવચ્ચ-સેવાનો નિયમ એ સમ્યગ્દષ્ટિ નાં ચિન્હો છે ॥૧૪॥

मग्गणुसारी सद्धो पण्णवणिज्जो कियापरो चेव।
गुणरागी सक्कारंभसंगओ तह य चारित्ती॥१५॥

–(૧) મોક્ષ માર્ગ ને અનુકૂલ પ્રવૃત્તિ કરનાર (૨) શ્રદ્ધાલુ (૩) ધર્મના ઉપદેશ ને યોગ્ય

(૪) સદનુષ્ઠાનમાં તત્પર (૫) ગુણાનુરાગી (૬) શક્ય ધર્મ કાર્ય માં પ્રયત્નશીલ આવા ગુણોથી યુક્ત હોય તે ચારિત્રી છે ॥૧૫॥

**एसो सामाइय सुद्धिभेयश्रो णेगहा मुणेयव्वो ।**
**श्राणापरिणइभेया श्रंते जा वीयरागो त्ति ॥१६॥**

—આ ચારિત્રી ક્ષાયિક વીતરાગ ભાવ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સામાયિક સમત્વની શુદ્ધિના ભેદ થી, તેમજ જિનાજ્ઞા પાલન રૂપ પરિણામના તારતમ્ય થી અનેક પ્રકારનો છે ॥૧૬॥

**पडिसिद्धेसु श्रदेसे विहिएसु य ईसिरागभावे वि ।**
**सामाइयं श्रसुद्धं सुद्धं समयाए दोसुं पि ॥१७॥**

—શાસ્ત્રમાં પ્રતિષિદ્ધ (હેય) બાબતોમાં (હિંસાદિ માં) દ્વેષ-અપ્રીતિ અને વિહિત બાબતોમાં (તપાદિમાં) રાગ હોવાથી સામાયિક અશુદ્ધ પણ થાય છે. પરંતુ નિષિદ્ધ અને વિહિત બન્ને બાબતમાં સમભાવ હોય તો શુદ્ધ સામાયિક થાય છે ॥૧૭॥

**एयं विसेसणाणा आवरणावगमभेयओ चेय ।**
**इय दट्ठव्वं पढमं भूसणठाणाइपत्तिसमं ॥१८॥**

—આ શુદ્ધ સામાયિક વિશિષ્ટ તત્ત્વજ્ઞાન અને ચારિત્રમોહનીય કર્મના અપગમના તારતમ્યથી થાય છે. ભૂષણ સ્થાનાદિની એટલે કે રત્નાલંકારની પેટી-દિવ્ય વસ્ત્રો વગેરેની પ્રાપ્તિ તુલ્ય પ્રથમનું સામાયિક જાણવું ॥૧૮॥

**किरिया उ दंडजोगेण चक्कभमणं व होइ एयस्स ।**
**आणाजोगा पुव्वाणुवेहओ चेव णवरं ति ॥१६॥**

—જેમ દંડના યોગે ચક્રની ગતિ થાય છે, તેમ આજ્ઞા યોગથી પડેલા પૂર્વના સંસ્કાર ને અનુસારે સમભાવયુકત મુનિની ભિક્ષાટનાદિ ક્રિયા હોય છે ॥૧૯॥

**वासी-चंदणकप्पो समसुह-दुक्खो मुणी समक्खाओ**
**भव-मोक्खापडिबद्धो अओ य पाएण सत्थेसु ।२०।**

—આ કારણથી જ મુનિને વાસી-ચંદન જેવા સુખ-દુઃખમાં સમાન વૃત્તિવાલા અને સંસાર-મોક્ષમાં પણ પ્રતિબંધ-આસકિત વિનાના-અનાસકત કહેલા છે ॥૨૦॥

**एएसिं णियणियभूमियाए उचियं जमेत्थऽणुट्ठाणं ।**
**आणामयसंयुत्तं तं सव्वं चेव योगो त्ति ।२१।**

—ઉક્ત અપુનર્બંધકથી વીતરાગ દશા સુધીના જીવોનું સ્વ-સ્વભૂમિકા ને ઉચિત આજ્ઞા-રૂપ અમૃતથી યુક્ત જે અનુષ્ઠાન છે, તે સર્વ 'યોગ' જ છે. ॥૨૧॥

**तल्लक्खणयोगाओ उ चित्तवित्तीणिरोहओ चेव ।**
**तह कुसलपवित्तीए मोक्खेण उ जोयणाओ त्ति २२**

—કારણ કે સર્વ દર્શનકારોને માન્ય યોગના જે લક્ષણો છે-જેવા કે, 'ચિત્તવૃત્તિનિરોધ, કુશલ પ્રવૃત્તિ, મોક્ષ સાથે સંબંધ કરાવવો' એ અપુનર્બંધક આદિ જીવોના અનુષ્ઠાનોમાં બરાબર ઘટે છે. ॥૨૨॥

**एएसिं पि य पायं बज्झाणायोगओ उ उचियम्मि**
**अणुठाणम्मि पवित्ती जायइ तह सुपरिसुद्ध त्ति।२३**

—અપુનર્બંધક આદિ જીવોને પ્રાયઃ કરીને બાહ્ય આજ્ઞાયોગ—શાસ્ત્રાજ્ઞા અનુસાર પોતાને ઉચિત અનુષ્ઠાનમાં પરિશુદ્ધ (બહુમાનપૂર્વક) પ્રવૃત્તિ થાય છે. ॥૨૩॥

**गुरुणा लिंगेहि तश्रो एएसि भूमिगं मुणेऊण ।**
**उवएसो दायव्वो जहोचियं श्रोसहाऽऽहरणा ।२४।**

—તેથી જ શાસ્ત્રવેત્તા ગુરૂઓએ જુદી-જુદી યોગ્યતા વાળા જીવોની ભૂમિકા શાસ્ત્રોકત ચિન્હો-લક્ષણો વડે જાણી ને ઔષધના દષ્ટાન્તની જેમ યથોચિત ઉપદેશ આપવો જોઈએ. ॥૨૪॥

**पढमस्स लोगधम्मे परपीडावज्जणाइ श्रोहेणं ।**
**गुरु देवा-ऽतिहिपूयाइ दीणदाणाइ श्रहिगिच्च ।।२५**

—પ્રાથમિકકક્ષા-અપુનર્બંધકની ભૂમિકા વાળા જીવોને સામાન્ય લોક-ધર્મ વિષયક ઉપદેશ આપવો, જેમ કે બીજાને પીડા ન આપવી. સાચું બોલવું, ગુરુ, દેવ અને અતિથિના પૂજા સત્કાર કરવા તથા દીન, તપસ્વી વગેરેને દાન આપવું, રાત્રિ ભોજન ન કરવું ઇત્યાદિ. ॥૨૫॥

**एवं चिय श्रवयारो जायइ मग्गम्मि हंदि एयस्स ।**
**रण्णे पहपब्भट्ठोऽवट्टाए वट्टमोयरइ ।।२६।।**

—જેમ અટવીમાં માર્ગ ભૂલેલો પથિક કેડી માર્ગે ચાલવાથી રાજ માર્ગ માં આવી જાય છે

તેમ અપુનર્બંધક આત્મા લૌકિક ધર્મના ઉચિત પાલનથી સમ્યગ્દર્શન રૂપ સન્માર્ગમાં આવી જાય છે. ॥૨૬॥

**बीयस्स उ लोगुत्तरधम्मम्मि अणुव्वयाइ अहिगिच्च परिसुद्धाणायोगा तस्साभावमासज्ज ॥२७॥**

—બીજા-સમ્યગ્દષ્ટિ ને શાસ્ત્રાજ્ઞા અનુસાર તેના ભાવ-પરિણામને જાણી, લોકોત્તર ધર્મ વિષયક અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત વગેરેને આશ્રયી ને ઉપદેશ આપવો જોઇએ ....! ॥૨૭॥

**तस्साऽऽसण्णत्तणओ तम्मि दढं पक्खवायजोगाओ सिग्घं परिणामाओ सम्मं परिपालणाओ य ॥२८**

—સમ્યગ્દષ્ટિને ગુણસ્થાનના ક્રમે શ્રાવક ધર્મની પ્રાપ્તિ સમીપમાં છે, અને તેથી તેમાં તેનો દઢ (અત્યંત) પક્ષપાત હોય છે, અને પક્ષપાતના યોગે શીઘ્ર ક્રિયામાં પરિણમે છે, તથા સૂત્રોક્ત વિધિપૂર્વક પાલન કરી શકે છે, માટે પ્રથમ શ્રાવક ધર્મનો ઉપદેશ આપવો યોગ્ય છે. ॥૨૮॥

**तइयस्स पुण विचित्तो तहुत्तरसुजोगसाहगो णेओ।**
**सामाइयाइविसओ णयणिउणं भावसारो त्ति।२९**

—ત્રીજા દેશવિરતિ ચારિત્રી ને સામાયિક આદિ વિષયક વિવિધ પ્રકારના ઉત્તરોત્તર ઉત્તમ યોગોનો સાધક અને એવો ઉપદેશ નયની ઘટના-પૂર્વક ગુરૂએ સંવેગ યુક્ત બની આપવો જોઇએ. (કારણ કે પ્રાયઃ ભાવથી જ ભાવની ઉત્પત્તિ થાય છે....)॥૨૯॥

**सद्धम्माणुवरोहा वित्ती दाणं च तेण सुविसुद्धं।**
**जिणपुय-भोयणविही संझाणियमो य जोगंतो।३०**

—સદ્ધર્મને બાધા ન આવે એ રીતે આજીવિકા કરવી (કર્માદાન નો ત્યાગ કરવા પૂર્વક આજીવિકા ચલાવવી) શ્રદ્ધા, સત્કાર પૂર્વક યથાશક્તિ દાન કરવું, જિનેશ્વરની પૂજા, વિધિ-પૂર્વક ભોજન, સંધ્યા નિયમ (જિન-મંદિર ગમ-નાદિ), "યોગાન્ત" વિવિધ પ્રકારની અનિત્ય-ત્વાદિ ભાવનાઓ ભાવવી વગેરે નો ઉપદેશ શ્રાવકને આપવો. ॥૩૦॥

**चिइवंदण जइविस्सामणा य सवणं च धम्मविसयं ति**
**गिहिणो इमो वि जोगो किं पुण जो भावणामग्गो॥३१**

—શ્રાવકને ચૈત્યવંદન, સાધુ--સેવા, ધર્મ-શ્રવણ વગેરે અનુષ્ઠાન એ પણ યોગ જ છે, તો જે પરમ ધ્યાનના અંગભૂત અનિત્યત્વાદિ ભાવ-નાઓ છે, તે યોગ રુપ હોય તેમાં નવાઈ શી ? અર્થાત્ તે પણ યોગરૂપ જ છે. ॥૩૧॥

**एमाइवत्थुविसओ गिहीण उवएस मो मुणेयव्वो ।**
**जइणो उण उवएसो सामायारी जहा सव्वा ।३२।**

—ઉપર્યુક્ત બાબતો તથા વ્રત, નિયમ વિષ-યક ઉપદેશ ગૃહસ્થ માટે જાણવો, અને મુનિને તેના ક્ષયોપશમને અનુરૂપ શિષ્ટ પુરૂષોએ આચ-રેલ સર્વ સામાચારી નો ઉપદેશ આપવો ॥૩૨॥

**गुरुकुलवासो गुरुतंतयाय उचियविणयस्स करणं च**
**वसहीपमज्जणाइसु जत्तो तह कालवेक्खाए ॥३३**

—ગુરૂને આધીન રહી ગુરૂકુલમાં વાસ કરવો, યથાયોગ્ય-ઉચિત વિનયનું સેવન કરવું અને યથાયોગ્ય કાળે વસતી ઉપાશ્રય આદિના પ્રમાર્જનાદિ કાર્યમાં પ્રયત્ન કરવો. ॥૩૩॥

**अणिगूहणा बलम्मी सव्वत्थ पवत्तणं पसंतीए ।**
**णियलाभचिंतणं सइ अणुग्गहो मे त्ति गुरुवयणे । ३४**

—શારીરિક શક્તિને ગોપવ્યા વિના સર્વ ધર્મ કાર્યમાં શાંતિથી પ્રવૃત્તિ કરવી, ગુરૂ આજ્ઞાના પાલનમાં મારૂં શ્રેય-હિત છે એમ માની (કર્મ નિર્જરારૂપ) પોતાના લાભનો સદા વિચાર કરવો ॥૩૪॥

**संकरणिच्छिड्डत्तं सुद्धं छुज्जीवणं सुपरिसुद्धं ।**
**विहिसज्झाओ मरणादवेक्खणं जइजणुवएसो॥ ३५**

—ત્યાગ, સંયમ માં અતિચાર ન લગાડવા, આધાકર્માદિ ૪૨ દોષ રહિત• આહારાદિ ગ્રહણ કરવો, વિધિપૂર્વક સ્વાધ્યાય-શાસ્ત્રાભ્યાસ કરવો, મરણ, પ્રમાદ જનિત કર્મના ફલ વગેરે નું ચિંતન કરવું ઇત્યાદિ બાબતો મુનિ ને ઉપદેશવાની છે. ॥૩૫॥

**उवएसोऽविसयम्मी विसए वि अणिइसो अणुवएसो**
**बंधनिमित्तं णियमा जहोइओ पुण भवे जोगो ।३६**

—ભવાભિનંદી -- સંસારરસિકને આપેલો ધર્મોપદેશ (શ્રોતાને નિયમા અનિષ્ટ ઉત્પન્ન કર-

નારો હોવાથી) અનુપદેશ જ છે. તેમ જ યોગ્ય (અપુનર્બંધકાદિ) ને તેની યોગ્ય ભૂમિકાથી વિપરીત આપેલો ઉપદેશ (તેના ક્ષયોપશમ અનુસાર નહિં આપવાથી) પણ, સ્વકાર્યનો સાધક નહિં હોવાથી અનુપદેશ જ છે, અને તે ઉપદેશ શ્રોતાને અનર્થ કરનાર હોવાથી તથા આજ્ઞાની વિરાધના થવાથી ઉપદેશકને કર્મબંધનું નિમિત્ત બને છે, પરંતુ યથોચિત-શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે આપેલો ઉપદેશ (મોક્ષ સાથે સંબંધ જોડનાર હોવાથી) "યોગ" કહેવાય છે ॥૩૬॥

**गुरुणो अजोगिजोगो अच्चंतविवागदारुणो णेओ ।**
**जोगीगुणहीलणा णट्ठणासणा धम्मलाघवओ॥३७**

–ગુરુનો અયોગ્યને વિપરીત ઉપદેશ આદિ આપવાનો પ્રયત્ન મહાન અનર્થ કારક બને છે કારણ કે કોઈ દંભી વ્રત સ્વીકારીને તેનું યથાર્થ પરિપાલન ન કરે તો યોગીના ગુણોની હીલના થાય છે. અયોગ્ય શ્રોતાઓ સ્વયં ધર્મ ભ્રષ્ટ થઈ બીજાને પણ ધર્મ ભ્રષ્ટ કરે છે, તેમ જ તે ધર્મની લઘુતા પણ કરે છે આ બધાનાં નિમિત્ત રૂપે ઉપદેશક ને પણ પરિણામે દારૂણ ફળ મળે છે. ॥૩૭॥

**एयम्मि परिणयम्मी पवत्तमाणस्स अहिगठाणेसु ।**
**एस विही अइणिउणं पायं साहारणो णेओ ॥३८**

—આ ઉપદેશથી ભાવપૂર્વક પ્રતિબોધ પામી આગળના ગુણસ્થાનકની ભૂમિકામાં આરોહણ કરવાની ઈચ્છાવાળા સાધકમાટે હવે કહેવાતો વિધિ અત્યન્ત હિતકર છે અને તે વિધિ અણુવ્રતાદિના ધારક ગૃહસ્થ વગેરે સર્વ ને લાગુ પડે એવો છે. ॥૩૮॥

**नियसहावालोयण-जणवायावगम-जोगसुद्धीहिं ।**
**उचियत्तं णाऊणं निमित्तओ सइ पयट्टेज्जा ॥३९**

—પોતાના સ્વભાવની આલોચના-વિચારણા, જનવાદ (લોકવાયકા) નું જ્ઞાન અને યોગશુદ્ધિ વડે પોતાની યોગ્યતાનો વિચાર કરી, શકુનાદિ નિમિત્તપૂર્વક ધર્મ (યોગ) અનુષ્ઠાન માં પ્રવૃત્તિ કરવી જોઈએ. ॥૩૯॥

**गमणाइएहिं कायं णिरवज्जेहिं वयं च भणिएहिं ।**
**सुहचिंतणेहि य मणं साहेज्जा जोगसुद्धि त्ति ॥४०**

—નિર્દોષ ગમન, આસન, સ્થાપનાદિવડે કાયાને, સત્ય, પ્રિય અને હિતકર વચનોવડે વાણીને અને શુભચિંતન-ધ્યાન વડે મનને શુદ્ધ બનાવે અથવા તેવી પ્રવૃત્તિવડે મન, વચન, કાયાની શુદ્ધિ જાણીને તે અનુસાર દેશ-વિરતિ કે સર્વ વિરતિ આદિમાં પ્રવૃત્તિ કરે. ।।૪૦।।

**सुहसंठाणा अण्णे कायं वायं च सुहसरेणं तु ।**
**सुहसुविणेहिं च मणं जाणेज्जा साहु सुद्धि त्ति ।४१**

—શુભ આકારથી કાયાની, શુભ-મધુર સ્વરથી વચનની, અને શુભ સ્વપ્નથી મનની શુદ્ધિ સારી છે, એમ જાણી શકાય છે. ।।૪૧।।

**एत्थ उवाओ य इमो सुहदव्वाइसमवायमासज्ज ।**
**पडिवज्जइ गुणठाणं सुगुरू समीवम्मि विहिणा तु४२**

—ઉપર પ્રમાણે સ્વયોગ્યતાનો વિચાર કર્યા પછી શુભ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પ્રાપ્ત કરી સદ્ગુરૂ પાસે વિધિપૂર્વક (સ્વભૂમિકાથી) આગમ-ની ભૂમિકા રૂપ ગુણસ્થાનકોનો સ્વીકાર કરવો જોઇએ. ।।૪૨।।

**वंदणमाई उ विही णिमित्तसुद्धी पहाण मो णेश्रो ।**
**सम्मं श्रवेक्खियव्वा एसा इहरा विही ण भवे ।।४३**

—વંદન (ચૈત્ય-વંદન, જિન-પૂજન) વગેરે વિધિમાં પણ નિમિત્ત શુદ્ધિની પ્રધાનતા છે. આ નિમિત્ત શુદ્ધિની અપેક્ષા અવશ્ય રાખવી જોઈએ અન્યથા વિધિપૂર્વકની ક્રિયા નહિં બને. ।।૪૩।।

**उड्ढं श्रहिगगुणेहिं तुल्लगुणेहिं च णिच्चसंवासो ।**
**तग्गुणठाणोचियकिरियपालणासइ समाउत्तो ।४४**

—દેશ વિરતિ કે સર્વ વિરતિ સ્વીકાર્યા બાદ, પોતાનાથી અધિક ગુણી કે સમાન ગુણવાલા સાથે સહવાસ કરવો તેમ જ તે ભૂમિકાને ઉચિત ક્રિયાનું પાલન (મારે આ અવશ્ય કરવા યોગ્ય છે એવી) સ્મૃતિપૂર્વક કરવું. ।।૪૪।।

**उत्तरगुण बहुमाणो सम्मं भवरूवचिंतणं चित्तं ।**
**श्ररईए श्रहिगयगुणे तहा तहा जत्तकरणं तु ।।४५**

--પોતાનાથી અધિક ગુણીના ગુણનું બહુમાન કરવું, વૈરાગ્ય - વાસિત અન્તઃકરણથી વિચિત્ર

એવા સંસાર સ્વરૂપનું ચિંતન કરવું તથા કદાચિત્ અશુભ કર્મના ઉદયે સ્વીકારેલા વ્રતાદિમાં અરતિ ઉત્પન્ન થાય તો તેવા (ભાવ ચરણાદિ) ઉપાયો વડે તે અરતિને દૂર કરવા પ્રયત્ન કરવો ॥૪૫॥

**अकुसलकम्मोदयपुव्वरूवमेसा जओ समक्खाया।**
**सो पुण उवायसज्झो पाएण भयाइसु पसिद्धो।४६**

--પ્રસ્તુત ગુણસ્થાનકમાં જે અરતિ થાય છે તે પૂર્વના અશુભ કર્મોદયને લીધે જ થાય છે. અને તે અશુભ કર્મનો ઉદય પ્રાયઃ ભયાદિ પ્રસંગોમાં ઉપાય સાધ્ય હોય છે, એટલે કે યોગ્ય ઉપાયોથી દૂર કરી શકાય છે. ॥૪૬॥

**सरणं भए उवाओ रोगे किरिया विसम्मि मंतो त्ति**
**एए वि पावकम्मोवक्कमभेया उ तत्तेणं ॥४७।**

--ભયમાં શરણ, રોગમાં ચિકિત્સા, અને વિષમાં મંત્ર, એ તેના નિવારણનો સરલ ઉપાય છે. કેમકે તે શરણાદિ એ ભયાદિના કારણ ભૂત-મોહનીયાદિ અશુભ કર્મ પ્રકૃતિઓને નિવારવાના તાત્ત્વિક ઉપાયો છે. ॥૪૭॥

**सरणं गुरू उ इत्थं किरिया उ तवो त्ति कम्मरोगम्मि**
**मंतो पुण सज्झाओ मोहविसविणासणो पयडो।४८**

—પ્રસ્તુત ગુણસ્થાનકની ભૂમિકામાં વ્રત ભંગાદિના ભયમાં ગુરૂ એ શરણ છે. તપ એ કર્મ રોગની ચિકિત્સા છે. મોહ વિષને નષ્ટ કરનાર સ્વાધ્યાય એ મંત્ર છે. ॥૪૮॥

**एएसु जत्तकरणा तस्सोवक्कमणभावओ पायं ।**
**नो होइ पच्चवाओ अवि य गुणो एस परमत्थो।४९**

—આ ઉપાયોમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રયત્ન કરવાથી, અરતિ જનક પાપ કર્મોનો ઉપક્રમ થવાથી (પાપકર્મનું બળ ઘટવાથી) પ્રાયઃ કરીને વ્રત–પાલનાદિમાં કોઈ વિઘ્ન આવતા નથી. વધારામાં અન્ય કર્મોના અનુબંધનો વિચ્છેદ થવારૂપ પારમાર્થિક લાભ થાય છે.॥૪૯॥

**चउसरणगमण दुक्कडगरहा सुकडाणुमोयणा चेव**
**एस गणो अणवरयं कायव्वो कुसलहेउ त्ति ॥५०**

—ચતુઃશરણ ગમન, દુષ્કૃતગર્હા, અને સુકૃતની અનુમોદના કરવી આ ત્રણ કર્તવ્યરૂપ

સમુદાયને કલ્યાણનું મહાન કારણ છે, એમ જાણી તેનું સતત આચરણ કરવું. ।।૫૦।।

**घडमाण-पवत्ताणं जोगीणं जोगसाहणोवाओ ।**
**एसो पहाणतरओ णवर पवत्तस्स विण्णेओ ।५१**

—ઘટમાન અને પ્રવૃત્તયોગીને (અપુનર્બંધક અને ભિન્ન ગ્રંથિ વાલા ને) યોગ સાધનાનો આ ઉપાય ઉપયોગી છે. તથા પ્રવૃત્તયોગી (ભિન્નગ્રંથિ) ને માટે આગળની ગાથાઓ માં નિરૂપણ કરાતો યોગ સાધનાનો ઉપાય પ્રધાનતર અત્યંત ઉપયોગી છે, (નિષ્પન્ન) યોગી ને સ્વાભાવિક (સાંસિદ્ધિક યોગ હોય છે....) ।।૫૧।।

**भावणसुयपाढो तित्थसवणमसति तयत्थ जाणम्मि**
**तत्तो य आयपेहणमतिनिउणं दोसवेक्खाए ।।५२**

ભાવના, શ્રુતપાઠ, રાગાદિ દોષોનાં નિમિત્ત, સ્વરૂપ અને ફલનાં પ્રતિપાદક શાસ્ત્રોનું અધ્યયન કરવું અને ત્યાર બાદ તીર્થસ્વરૂપ ગીતાર્થ આચાર્યાદિ પાસે અનેકવાર અર્થ શ્રવણ કરવું અને પછી સૂક્ષ્મ રીતે દોષ નિરીક્ષણ દ્વારા આત્મપ્રેક્ષણ કરવું જોઇએ. ।।૫૨।।

**रागो दोसो मोहो एएऽऽयदूसणा दोसा।**
**कम्मोदयसंजणिया विण्णेया आयपरिणामा ॥५३**

–રાગ-દ્વેષ અને મોહ એ પ્રસ્તુતમાં આત્માને દૂષિત કરનારા હોવાથી દોષો કહેવાય છે, અને તે કર્મોદય જનિત આત્માના પરિણામો છે. ॥૫૩॥

**कम्मं च चित्तपोग्गलरूवं जीवस्स ऽणाइसंबद्धं।**
**मिच्छत्तादिनिमित्तं णाएणमतीयकालसमं ॥५४॥**

–જ્ઞાનાવરણીયાદિ કર્મ વિચિત્ર (પ્રકારના) સ્વભાવવાળા પરમાણુ (પુદ્‌ગલ) સ્વરૂપ છે, મિથ્યાત્વાદિ હેતુજન્ય છે, તેમ જ જીવ સાથે અનાદિ કાળથી સંબદ્ધ છે અને દૃષ્ટાન્ત-ઉદાહરણથી ભૂતકાળ સમાન છે. ॥૫૪॥

**अणुभूयवत्तमाणो सव्वो वेसो पवाहओऽणादी।**
**जह तह कम्मं णेयं कयकत्तं वत्तमाणसमं ॥५५**

–જેણે વર્તમાનપણાનો અનુભવ કર્યો છે તે સમગ્ર ભૂતકાળ જેમ પ્રવાહથી અનાદિ છે. (કેમકે કાળથી શૂન્ય લોક કદી પણ સંભવી શકતો નથી) તેમ કર્મ પણ વર્તમાન કાળની જેમ કૃતક હોવા છતાં, પ્રવાહ થી અનાદિ છે. ॥૫૫॥

**मुत्तेणममुत्तिमश्रो उवघायाऽणुग्गहा वि जुज्जंति ।**
**जह विण्णाणस्स इहं मइरापाणोसहादीहिं ॥५६।**

—જેમ લોકમાં પણ જ્ઞાનનો મદિરાપાનાદિકથી વિનાશ અને બ્રાહ્મી આદિ ઔષધિથી વિકાસ થાય છે, તેમ અમૂર્ત (અરૂપી) જીવને મૂર્ત (રૂપી) કર્મ વડે ઉપઘાત (અપકાર) અને અનુગ્રહ (ઉપકાર) પણ ઘટી શકે છે. ॥૫૬॥

**एवमणादी एसो संबंधो कंचणोवलाणं व ।**
**एयाणमुवाएणं तह वि विश्रोगो वि हवइ त्ति ॥५७**

—આ પ્રમાણે જીવ અને કર્મનો માટી અને સુવર્ણની જેમ અનાદિનો સંબંધ છે, છતાં તેનો સમ્યગ્દર્શનાદિ ઉપાયવડે વિયોગ પણ થઈ શકે છે. ॥૫૭॥

**एवं तु बंध-मोक्खा विणोवयारेण दो वि जुज्जंति ।**
**सुह-दुक्खाइ य दिट्ठा इहरा ण, कयं पसंगेण ॥५८**

—આ રીતે ઉપચાર કે કલ્પના કર્યા વિના જ બંધ અને મોક્ષ ઘટી શકે છે, તેમ જ સર્વ સંમત સુખ-દુઃખ પણ ઘટી શકે છે, બીજી રીતે ઘટી શકે નહીં ॥૫૮॥

**तत्थाभिस्संगो खलु रागो अप्पीइलक्खणो दोसो।**
**अण्णाणं पुण मोहो को पीडइ मं दढमिमेसिं ।५९**

–આસક્તિ એજ રાગ છે, અપ્રીતિ એજ દ્વેષ છે અને અજ્ઞાન એજ મોહ છે, આ ત્રણે દોષોમાંથી મને કયો દોષ વધુ પીડા આપે છે ? મારી આરાધનામાં બાધક બને છે. ॥૫૯॥

**णाऊण ततो तव्विसयतत्त-परिणइ-विवागदोसे त्ति**
**चिन्तेज्जाऽऽणाए दढं पइरिक्के सम्ममुवउत्तो॥६०**

–એ રીતે (આત્મવિચારણા કરવા દ્વારા પોતાનામાં રહેલા) રાગાદિ દોષની ઉત્કટતા જાણી સમ્યગ્ ક્રિયામાં તત્પર બનેલો આરાધક આત્મા, તે રાગાદિનાં આલંબન, સ્વરૂપ, પરિણતિ અને કટુક વિપાકરૂપ દોષોનું શાસ્ત્ર અનુસારે એકાંતમાં ચિંતન કરે. ॥૬૦॥

**गुरु-देवयापणामं काउं पउमासणाइठाणेण ।**
**दंस-मसगाइ काए अगणेंतो तग्गऽज्झप्पे ॥६१॥**

–પ્રથમ (દેવ) પરમાત્મા અને ગુરૂ ને પ્રણામ કરી, પદ્માસનાદિ આસને બેસી, કાયા ઉપર

આવી પડતાં ડાંસ, મચ્છરાદિને નાહ ગણ-કારતો, ધ્યેય પદાર્થમાં ચિત્તને એકાગ્ર બનાવી આત્મ સંપ્રેક્ષણ કરે. ॥૬૧॥

**गुरु-देवयाहि जायइ अणुग्गहो अहिगयस्स तो सिद्धी**
**एसो य तन्निमित्तो तहाऽऽयभावाओ विण्णेओ ६२**

—દેવ, ગુરુને નમસ્કાર કરવાથી તેમનો અનુ-ગ્રહ પ્રાપ્ત થાય છે, અને એ અનુગ્રહથી પ્રસ્તુત તત્ત્વચિંતનની સફળતા (સિદ્ધિ) થાય છે. દેવ ગુરૂના બહુમાન રૂપ આલંબને, તેવા શુભ ભાવ ઉત્પન્ન થતાં હોવાથી, તે અનુગ્રહ દેવ-ગુરૂનો જ કહેવાય છે, એમ માનવું ॥૬૨॥

**जह चेव मंत-रयणाइएहिं विहिसेवगस्स भव्वस्स ।**
**उवगाराभावम्मि वि तेसिं होइ त्ति तह एसो ।६३**

—જેમ મંત્ર કે રત્નાદિનો ઉપકાર ન થવા છતાં, મંત્ર અને રત્નાદિ દ્વારા વિધિપૂર્વક સેવન કરનારા ભવ્ય જીવને ઉપકાર થાય છે, તેમ દેવ-ગુરૂ નિમિત્ત હોવાથી તેમનો ઉપકાર થયો ગણાય છે. ॥૬૩॥

**ठाणा कायनिरोहो तक्करीसु बहुमाणभावो य।**
**दंसाइखिग्रगणणम्मि वि वीरियजोगो य इट्ठफलो।६४**

—પદ્માસનાદિ વડે કાયાનો નિરોધ થાય છે, તથા તે આસનાદિના કરનારા ગૌતમસ્વામી આદિનો આદર થાય છે, ડાંસાદિના ઉપદ્રવ ને સહન કરવાથી ઇષ્ટ યોગની સિદ્ધિ કરનાર એવો વીર્યોલ્લાસ વૃદ્ધિ પામે છે. તેમજ તત્ત્વમાં પ્રવેશ થાય છે. ॥૬૪॥

**तग्गयचित्तस्स तहोवओगओ तत्तभासणं होति।**
**एयं एत्थ पहाणं अंगं खलु इट्ठसिद्धीए ॥६५॥**

—ધ્યેય પદાર્થમાં એકાગ્ર ચિત્ત વાળાને, તેમાં જ સતત ઉપયોગ હોવાથી તે પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ સમજાય છે, અને તે અનુભવ જ્ઞાન જ ઇષ્ટ સિદ્ધિ (ભાવના સિદ્ધિ) નું પ્રધાન કારણ છે. ॥૬૫॥

**एयं खु तत्तणाणं असप्पवित्तिविणिवित्तिसंजणगं।**
**थिरचित्तगारि लोगदुगसाहगं बेंति समयण्णू।६६॥**

—આ તત્વજ્ઞાન (ભાવનાજ્ઞાન) જ અસત્પ્રવૃત્તિનું નિવર્તક અને ચિત્તને સ્થિર-નિષ્કમ્પ બના-

વનાર છે તથા ઇહલોક અને પરલોકનું સાધક છે, એમ શાસ્ત્રવિદ્ મહર્ષિઓ કહે છે. ॥૬૬॥

**थीरागम्मी तत्तं तासिं चितेज्ज सम्मबुद्धीए ।**
**कलमल-मंस-सोणिय-पुरीस-कंकालपायं ति॥६७।**

—સ્ત્રી વિષયક રાગ હોય તો તેનું મૂળ સ્વરૂપ સમ્યગ્ બુદ્ધિથી આ પ્રમાણે વિચારવું કે સ્ત્રીનું શરીર માત્ર ઉદરમળ, માંસ, રૂધિર, વિષ્ટા, હાડકાદિનું બનેલું છે, એવા શરીર પર શો રાગ કરવો ? ॥૬૭॥

**रोग-जरापरिणामं णरगादिविवागसंगयं अहवा ।**
**चलरागपरिणतिं जीयनासणविवाग दोसं ति।६८**

—તેમ જ તે સ્ત્રીનું શરીર રોગ અને જરા અવસ્થાને પામનારું છે, નરકાદિના ભયંકર કડુક ફળને દેનારું છે. તેમ જ તેની રાગદશા ચંચળ છે. તથા આ જીવનમાં જ પ્રાણનાશ રૂપ વિપાક દોષને કરનારું છે. ॥૬૮॥

**अत्थे रागम्मि उ अज्जणाइदुक्खसयसंकुलं तत्तं ।**
**गमणपरिणामजुत्तं कुगइविवागं च चिंतेज्जा। ६९**

—જો ધનમાં રાગ હોય તો તેનું સ્વરૂપ આ પ્રમાણે વિચારવું—ધનનો ઉપાર્જન, રક્ષણ, ભોગ કે ક્ષય આ ચારે અવસ્થાઓમાં પારાવાર દુખો રહેલા છે, પગની ધૂળની જેમ એ વિનાશી છે, તથા દુર્ગતિના ભયંકર ફળને આપનાર છે. ।।૬૯।।

**दोसम्मि उ जीवाणं विभिण्णयं एव पोग्गलाणं च ।**
**अणवट्ठियं परिणति विवागदोसं च परलोए ।।७०**

—જડ કે ચેતન પદાર્થ પર દ્વેષભાવ ઉત્પન્ન થાય ત્યારે જીવ અને પુદ્ગલની ભિન્નતાનો, પદાર્થોની અસ્થિર પરિણતિ-અવસ્થાનો અને દ્વેષના કારણે પરલોકમાં પ્રાપ્ત થતાં અનિષ્ટ ફળનો વિચાર કરવો. ।।૭૦

**चिंतेज्जा मोहम्मी ओहेणं ताव वत्थुणो तत्तं ।**
**उप्पाय-वय-धुवजुयं अणुहवजुत्तीए सम्मं ति ।७१**

—મોહના ઉદય વખતે "વસ્તુ માત્ર ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે" એમ વસ્તુના સામાન્ય સ્વરૂપનું અનુભવાત્મક યુક્તિ થી સમ્યગ્ રીતે ચિંતન કરવું. ।।૭૧।।

**नाभावो च्चिय भावो अतिप्पसंगेण जुज्जइ कयाइ**
**ण य भावोऽभावो खलु तहासहावत्तऽभावाओ।७२**

—જગતમાં અસત્ વસ્તુ કદી સત્ બનતી નથી, તેમજ સત્ વસ્તુ કદી અસત્ બનતી નથી કારણ કે સત્‌માંથી અસત્ કે અસત્‌માંથી સત્ થવાનો વસ્તુનો સ્વભાવ નથી અને સ્વભાવ વિરૂદ્ધ કાર્ય થાય તો "અતિ પ્રસંગ" દોષ આવે છે, આ રીતે વસ્તુ સ્વભાવના ચિંતન થી મોહનું બળ ઘટે છે. ॥૭૨॥

**एयस्स उ भावाओ णिवित्त-अणुवित्तिजोगओ होंति।**
**उप्पायादि णेवं अविगारी वऽणुहवविरोहा ॥७३॥**

—સત્ પદાર્થના તેવા પ્રકારના સ્વભાવને લઈને તેમાં નિવૃત્તિ અને અનુવૃત્તિ (પર્યાયની અદલ-બદલ થતી હોવાથી ઉત્પાદ વિનાશ અને ધ્રુવતા એ ત્રણે હોય છે. પદાર્થ એકાન્તે અવિ-કારી (કે વિકારી) હોતો નથી કારણ કે એમ માનવું એ અનુભવ વિરૂદ્ધ છે. ॥૭૩॥

**आणाए चिंतणम्मी तत्तावगमो णिओगओ होति**
**भावगुणागरबहुमाणओ य कम्मक्खओ परमो ७४**

—જિનાગમ અનુસાર વસ્તુનું ચિંતન કરવાથી તત્ત્વનો બોધ અવશ્ય થાય છે. અને ભાવગુણાકર-અનંત જ્ઞાનાદિ ગુણના ભંડાર અરિહંત પરમાત્માના બહુમાનથી વિશિષ્ટ કર્મ ક્ષય થાય છે. ॥૭૪॥

**पइरिक्के बाधाओ न होइ पाएण योगवसिया य।**
**जायइ तहा पसत्था हंदि अणब्भत्थजोगाणं ॥७५**

—પ્રાથમિક અભ્યાસીને એકાંત (નિર્જન સ્થાન) માં તત્ત્વ ચિંતન, આત્મસંપ્રેક્ષણાદિ કરવાથી પ્રાયઃ વિઘ્ન આવતાં નથી, પણ મન, વચન, કાયા ઉપર (પ્રશસ્ત) • યોગ્ય કાબૂ આવે છે. ૭૫॥

**उवओगो पुण एत्थ विण्णेओ जो समीवजोगो त्ति**
**विहियकिरियागओ खलु अवितहभावो उ सव्वत्थ**

—પ્રસ્તુતમાં "ઉપયોગ" પદ નો અર્થ છે- "ઉપ–સમીપ અને યોગ-વ્યાપાર" એટલે કે શાસ્ત્ર વિહિત (સ્થાનાદિ) સર્વ ક્રિયાઓ માં અવિતથ-સાચો ભાવ રાખવો, વિહિત ક્રિયાઓમાં ઉપ-

યુક્ત રહેવું એજ સમીપ યોગ છે. યોગની નજીક લઈ જાય એવો 'ઉપયોગ' એજ સમીપ યોગ છે. ॥૭૬॥

**एवं अब्भासाओ तत्तं परिणमइ चित्तथेज्जं च ।**
**जायइ भवाणुगामी सिवसुहसंसाहगं परमं ॥७७॥**

—આ પ્રમાણે ચિંતન કરવાથી રાગાદિ વિષયક તત્ત્વોનું સ્વરૂપ સ્પષ્ટ સમજાય છે, તેમ જ જન્માન્તરગામી (પર ભવમાં સાથે આવનાર) અને મોક્ષ સુખનું સાધક પ્રકૃષ્ટ "ચિત્ત સ્થૈર્ય" પ્રગટે છે, જે આનંદ-સમાધિનું બીજ અને શિવમાર્ગમાં વિજય દુર્ગની પ્રાપ્તિ સમાન છે. ॥૭૭॥

**अहवा ओहेणं चिय भणियविहाणाओ चेव भावेज्जा**
**सत्ताइएसु मेत्ताइए गुणे परमसंविग्गो ॥७८॥**

—અથવા સામાન્યથી પૂર્વોકત વિધિ પૂર્વક પરમ સંવેગ યુક્ત બની (લબ્ધિ-પૂજા કે ખ્યાતિના આશયથી રહિત બની), સર્વ પ્રાણી વગેરે ઉપર મૈત્રી આદિ ચાર ભાવનાઓ આ પ્રમાણે ભાવવી જોઇએ. ॥૭૮॥

**सत्तेसु ताव मेत्तिं तहा पमोयं गुणाहिएसुं ति।**
**करुणा-मज्झत्थत्ते किलिस्समाणाऽविणेएसु ॥७८**

–સર્વ પ્રથમ જીવમાત્ર પ્રત્યે મૈત્રી, ગુણાધિક પ્રત્યે પ્રમોદ, પીડાતા પ્રાણીઓ પ્રત્યે કરુણા અને અવિનીત-અયોગ્ય પ્રત્યે માધ્યસ્થ્ય ભાવ રાખવો જોઈએ. ॥૭૯॥

**एसो चेवेत्थ कमो उचियपवित्तीए वण्णिओ साहू।**
**इहराऽसमंजसत्तं तहातहाऽठाणविणिओया ॥८०।**

–ઉચિત પ્રવૃત્તિના પાલન માટે મૈત્રી આદિ ચાર ભાવનાઓનો આ જ ક્રમ જ્ઞાની પુરુષોએ વર્ણવ્યો છે, તે ક્રમનું ઉલ્લંઘન કરવાથી-અસ્થાને ભાવનાનો પ્રયોગ કરવાથી અનર્થ થાય છે, અસમંજસતા-અન્યાય થાય છે ॥૮૦॥

**साहारणो पुण विही सुक्काहारो इमस्स विण्णेओ**
**अण्णत्थओय एसो उ सव्वसंपक्करी भिक्खा। ८१।**

–સાધક માટે "શુક્લ આહાર" ગ્રહણ કરવું એ (સર્વ અવસ્થાની દૃષ્ટિએ) સાધારણ વિધિ જાણવો "શુક્લાહાર" નો સર્વ સંપત્કરી (દાતા

અને ગ્રાહક ઉભયને હિતકર ભિક્ષા) એવી વ્યુ-ત્પત્તિ અર્થ પણ અન્યત્ર જોવા મળે છે. ॥૮૧॥

**वणलेवोवम्मेणं उचियत्तं तग्गयं निश्रोएणं ।**
**एत्थं श्रवेक्खियव्वं इहराऽयोगो त्ति दोसफलो ।८२**

—યોગ માર્ગમાં વ્રણલેપની જેમ આહાર સંબંધી ઔચિત્ય (યોગ્ય-અયોગ્યનો વિચાર) અવશ્ય કરવું જોઇએ, નહિં તો (ઉચિત આહારના અભાવે) યોગ વિષયક અભ્યાસ દોષરૂપ (અનર્થ કર) બને છે. ॥૮૨॥

**जोगाणु भावश्रो च्चिय पायं ण य सोहणस्स वि श्रलाभो**
**लद्धीण वि संपत्ती इमस्स जं वण्णिया समए ।।८३**

—યોગના પ્રભાવથી આવા મુનિઓને સ્વ-યોગ્ય (ઘેબરાદિ) સુંદર આહારની અપ્રાપ્તિ થતી નથી એટલે કે પ્રાપ્તિ થઈ જાય છે. કારણ કે એવા મુનિઓને યોગના પ્રભાવથી રત્નાદિ લબ્ધિઓની પ્રાપ્તિ થાય છે એમ શાસ્ત્રોમાં વર્ણ-વેલું છે. ॥૮૩॥

**रयणाई लद्धीओ अणिमादीयाओ तह य चित्ताओ ।**
**आमोसहाइयाओ तहा तहा योगवुड्ढीए ॥८४॥**

—સુવિહિત મુનિઓને રત્નાદિ લબ્ધિઓ, અણિમાદિ વિચિત્ર પ્રકારની સિદ્ધિઓ તેમજ આમર્ષૌષધી આદિ લબ્ધિઓ, ઉત્તરોત્તર યોગ વૃદ્ધિ થવાથી પ્રગટે છે. ॥૮૪॥

**एतोए एस जुत्तो सम्मं असुहस्स खवग मो णओ ।**
**इयरस्स बंधगो वह सुहेणमिय मोक्खगामि त्ति ।८५**

—યોગની વૃદ્ધિ (કે ભાવનાની વૃદ્ધિ) યુક્ત મુનિ સમ્યગ્ રીતે અશુભ-કર્મોનો અવશ્ય ક્ષય કરે છે તથા શુભ કર્મ (વિશિષ્ટ દેશ, કુળ, જાતિ, આદિના જનક) નો બંધ કરે છે, અને શુભ-શુભતર પ્રવૃત્તિ કરવા દ્વારા સુખની પરંપરા પામી અંતે મોક્ષ મેળવે છે. ॥૮૫॥

**कायकिरियाए दोसा खविया मंडुक्कचुण्णतुल्ल त्ति**
**ते चेव भावणाए नेया तच्छारसरिस त्ति ।८६।**

—શાસ્ત્ર નિરપેક્ષ કાયિક ક્રિયા દ્વારા ક્ષીણ કરાયેલા રાગાદિ દોષો દેડકાના ચૂર્ણ જેવા

જાણવા અને તેજ દોષો ભાવના (આજ્ઞા સાપેક્ષ ચિત્તવૃત્તિ) વડે નષ્ટ થયા હોય તે દેડકાના ક્ષાર-ભસ્મ જેવા સમજવા. ॥૮૬॥

**एवं पुण्णं पि दुहा मिम्मय कणयकलसोवमं भणियं**
**अण्णेहि वि इह मग्गे नामविवज्जासभेएणं॥८७**

એજ પ્રમાણે બૌદ્ધ દર્શનકારોએ પણ આ યોગ માર્ગમાં નામ ભેદથી પુણ્યના બે પ્રકાર બતાવ્યા છે. એક પુણ્ય છે માટીના ઘડા જેવું, બીજુ છે સોનાના ઘડા જેવું. ॥૮૭॥

**तह कायपाइणो ण पुण चित्तमहिकिच्च बोहिसत्ता त्ति**
**होंति तह भावणाओ आसययोगेण सुद्धाओ । ८८**

—બોધી પ્રધાન જીવો કાયપાતી--કદાચ કાયા દ્વારા દોષોનું સેવન કરનારા હોઈ શકે પણ ચિત-પાતી—ભાવથી પતન પામતા નથી, કારણ કે તેવા પ્રકારના ગંભીર આશય ને લીધે તેઓ વિશુદ્ધ ભાવના વાળા હોય છે. ॥૮૮॥

**एमाइ जहोइय भावणाविसेसाउ जुज्जए सव्वं ।**
**मुक्काहिनिवेसं खलु निरूवियव्वं सबुद्धीए ॥८९॥**

--આ રીતે ઉપર્યુંક્ત બાબતો અને અન્ય પણ વિજય આનંદાદિ સર્વ યોગોની વૃદ્ધિ ભાવના વિશેષથી સાધકને ઘટી શકે છે. આ બાબતમાં નિરાગ્રહપણે સ્વબુદ્ધિથી સૂક્ષ્મરીતે નિરૂપણ કરવું. ॥૮૯॥

**एएण पगारेणं जायइ सामाइयस्स सुद्धि त्ति ।**
**तत्तो सुक्कज्झाणं कमेण तह केवलं चेव ।९०॥**

—આ રીતે સામાયિક--સમત્વની શુદ્ધિ પ્રાપ્ત થાય છે અને તે સામાયિકની શુદ્ધિથી શુક્લ ધ્યાન પ્રગટે છે. અને શુક્લ ધ્યાન દ્વારા અનુક્રમે કેવલ જ્ઞાન પ્રગટે છે. ॥૯૦॥

**वासी-चंदनकप्पं तु एत्थ सिट्ठं अओ च्चिय बुहेहिं ।**
**आसयरयणं भणियं अओऽण्णहा ईसि दोसो वि९१**

—સામાયિકની શુદ્ધિથી જ ક્રમશઃ કેવલ-જ્ઞાન મળે છે. એથી જ જ્ઞાની પુરૂષોએ વાસી-

ચંદન જેવું-સર્વ માધ્યસ્થ્ય રૂપ ચિત્ત (રત્ન) ને શ્રેષ્ઠ કહ્યું છે, આથી અન્ય (અપકારી પ્રતિ અપ-કારની વૃત્તિ વાળો) આશય હોય તો તે થોડો દૂષિત હોય છે. ॥૯૧॥

**जइ तब्भवेण जायइ जोगसमत्ती अजोगयाए तओ जम्मादिदोसरहिया होइ सदेगंतसिद्धि ति ॥९२॥**

—જો તે જન્મમાં સાધકને યોગની સમાપ્તિ (યોગ સાધના પરિપૂર્ણ) થઈ હોય તો, તે સાધક શૈલેશી અવસ્થા ને પામી, જન્માદિ દોષથી રહિત એકાંત શુદ્ધ એવા સિદ્ધિ સુખને પ્રાપ્ત કરે છે. ॥૯૨॥

**असमत्तीय उ चित्तेसु एत्थ ठाणेसु होइ उप्पाओ । तत्थ वि य तयणुबंधो तस्स तहऽब्भासओ चेव ९३**

—જો યોગની સાધના અપૂર્ણ રહી જાય તો તે યોગીનો શ્રેષ્ઠ સ્થાનોમાં (દેવ, કે મનુષ્યમાં વિશિષ્ઠ કુલાદિમાં) જન્મ થાય છે, અને ત્યાં પણ તથાભ્યાસ-પૂર્વ જન્મના અભ્યાસથી યોગ ધર્મનો અનુબંધ (પરંપરા) ચાલુ રહે છે. ॥૯૩॥

**जह खलु दिवसऽब्भत्थं रातीए सुविणयम्मि पेच्छंति**
**तह ईह जम्मऽब्भत्थं सेवंति भवंतरे जीवा ।९४**

—જેમ દિવસે કરેલું કાર્ય રાત્રીએ સ્વપ્નમાં દેખાય છે. તેવી રીતે આ જન્મમાં જેણે યોગનો અભ્યાસ કર્યો હોય તે જન્માન્તરમાં પણ યોગનું સેવન કરે છે. ॥૯૪॥

**ता सुद्ध जोगमग्गोच्चियम्मि ठाणम्मि एत्थ वट्टेज्जा**
**इह-परलोगेसु दढं जीविय-मरणेसु य समाणो ॥९५**

—તે કારણથી આ જન્મમાં યોગીએ શુદ્ધ યોગ માર્ગને અનુરૂપ સંયમ-સ્થાન (સામાયિકાદિ) માં રહી ઈહલોક અને પરલોકમાં કે જીવન અને મરણમાં સમાન દૃષ્ટિ રાખી પ્રવૃત્તિ કરવી જોઈએ. ॥૯૫॥

**परिसुद्ध चित्तरयणो चएज्ज देहं तहंतकाले वि ।**
**आसण्णमिणं णाउं अणसणविहिणा विसुद्धेणं ।९६**

—પરિશુદ્ધ ચિત્ત રત્ન વાળો મુનિ મરણકાળને નજીક જાણી અંત સમયે વિશુદ્ધ વિધિપૂર્વક અનશન વડે કાયાનો ત્યાગ કરે. ॥૯૬॥

**णाणं चाऽऽगम-देवय-पइहा-सुमिणंधराद्दऽदिट्ठिओ**
**णासऽच्छि–तारगादंसणाओ कण्णग्गऽसवणाओ ।।**

—આગમ, દેવતા, સ્વયંસ્ફુરણા-પ્રતિભા, સ્વપ્ન દર્શન વડે તથાં અરુન્ધતી (તારો) વગેરે ન જોવાથી, તેમજ નાસિકા તથા આંખની કીકીના અદર્શનથી, કાનના અગ્રભાગ વડે શ્રવણ ન થવાથી મૃત્યુની સમીપતા જાણી શકાય છે. ॥૯૭॥

**अणसणसुद्धोए इहं जत्तोऽतिसएण होइ कायव्वो ।**
**जल्लेसे मरइ जओ तल्लेसेसुं तु उववाओ ॥९८**

—અહીં પ્રસ્તુતમાં અનશનની વિશુદ્ધિ માટે અતિશય યત્ન કરવો જોઈએ, કારણકે જીવ અંત સમયે જે લેશ્યા (ભાવ) માં મૃત્યુ પામે છે, તેજ લેશ્યાવાળાં દેવાદિ સ્થાનોમાં એ ઉત્પન્ન થાય છે. ॥૯૮॥

**लेसाय वि आणाजोगओ उ आराहगो इहं नेओ ।**
**इहरा असंति एसा वि हंतऽणाइम्मि संसारे ।।९९**

–શુભ લેશ્યામાં પણ આજ્ઞાયોગ-સમ્યગ્ દર્શનાદિના પરિણામથી જ જીવ ચારિત્ર ધર્મનો આરાધક બને છે, બાકી તો આજ્ઞાયોગ વિનાની શુભ લેશ્યા તો અનાદિકાલીન આ સંસારમાં અનેક વાર પ્રાપ્ત થઇ છે. ।।૯૯।।

**ता इय श्राणाजोगे जइयव्वमजोगश्रत्थिणा सम्मं ।**
**एसो चिय भवविरहो सिद्धीए सया श्रविरहो य**

–તે કારણથી અયોગી અવસ્થાના અર્થીએ આજ્ઞાયોગમાં, શાસ્ત્રાભ્યાસમાં વિધિ પૂર્વક પ્રયત્ન કરવો જોઇએ, કારણ કે આ આજ્ઞાયોગ જ ભવના વિરહ–વિયોગ અને સિદ્ધિના સદા સંયોગ (અવિરહ) રૂપ છે, અર્થાત્ સંસારનો ઉચ્છેદ કરનાર અને સિદ્ધિના શાશ્વત સુખને પ્રાપ્ત કરાવનાર છે. ।।૧૦૦।।

# योगसार

## प्रथमः प्रस्तावः

### यथावस्थितदेवस्वरूपोपदेशः

**प्रणम्य परमात्मानं रागद्वेषविवर्जितम् ।**
**योगसारं प्रवक्ष्यामि गम्भीरार्थं समासतः ॥१॥**

—રાગદ્વેષથી અત્યંત રહિત એવા પરમાત્માને પ્રણામ કરીને ગંભીર અર્થવાળા "યોગસાર" (યોગના પરમાર્થ) ને હું સંક્ષેપથી કહીશ. ॥૧॥

**यदा ध्यायति यद् योगी याति तन्मयतां तदा ।**
**ध्यातव्यो वीतरागस्तद् नित्यमात्मविशुद्धये ॥२॥**

—યોગી જ્યારે જેનું (જે ધ્યેયનું) ધ્યાન ધરે છે, ત્યારે તે (યોગી) તન્મય-તે ધ્યેયમય થઈ જાય છે. તેથી આત્માની વિશુદ્ધિ માટે હંમેશાં વીતરાગનું ધ્યાન કરવું જોઈએ. (જેથી વીતરાગ સ્વરૂપ થઈ શકાય.) ॥૨॥

शुद्धस्फटिकसंकाशो, निष्कलश्चात्मनाऽऽत्मनि ।
परमात्मेति स ज्ञातः प्रदत्तो परमं पदम् ॥३॥

—'આ આત્મા તે જ નિર્મલ સ્ફટિક સદૃશ અને સર્વ ઉપાધિઓથી રહિત પરમાત્મા છે' એવી રીતે આત્માવડે આત્મામાં અનુભવાયેલો (આ) આત્મા જ પરમપદને આપે છે. (અર્થાત્ 'આ આત્મા તે જ પરમાત્મા છે' એવું સંજ્ઞાન (અભેદ જ્ઞાન) પરમપદને આપનારૂં છે.) ॥૩॥

किन्तु न ज्ञायते तावद् यावद् मालिन्यमात्मनः ।
जाते साम्येन नैर्मल्ये स स्फुटः प्रतिभासते ॥४॥

—પરન્તુ ત્યાં સુધી જ આત્મામાં પરમાત્મા જણાતા નથી કે જ્યાં સુધી આત્મામાં મલિનતા હોય. સામ્ય વડે નિર્મલતા થતાંની સાથે જ આત્મામાં પરમાત્મસ્વરૂપનો સ્પષ્ટ પ્રતિભાસ (અનુભવ) થાય છે. ॥૪॥

तत्त्वनन्तानुबन्ध्यादिकषायविगमक्रमात् ।
आत्मनः शुद्धिकृत् साम्यं शुद्धं शुद्धतरं भवेत् ॥५॥

—તે નિર્મલતા તો અનંતાનુબંધી આદિ કષાયોના ક્રમિક ક્ષયથી થાય છે અને તેથી આત્માની શુદ્ધિ કરનારૂં સામ્ય ઉત્તરોત્તર શુદ્ધ શુદ્ધતર થાય છે. ।।૫।।

**साम्यशुद्धिक्रमेणैव स विशुद्धयत आत्मनः ।**
**सम्यक्त्वादिगुणेषु स्यात् स्फुटः स्फुटतरः प्रभुः ।।६**

—સામ્યશુદ્ધિના ક્રમ વડે સમ્યક્ત્વાદિ ગુણોમાં થતી વિશુદ્ધિથી આત્માને તે પરમાત્મા વધુને વધુ સ્પષ્ટ થતા જાય છે. ।।૬।।

**सर्वमोहक्षयात् साम्ये सर्वशुद्धे सयोगिनि (नः) ।**
**सर्वशुद्धात्मनस्त्वेष प्रभुः सर्वस्फुटीभवेत् ।७।**

—મોહના સર્વથા ક્ષયથી સામ્ય સર્વથા શુદ્ધ થતાં જ સયોગિકેવલિરૂપ સંપૂર્ણ શુદ્ધાત્માને આ પરમાત્મા સર્વ રીતે સ્પષ્ટ થાય છે. ।।૭।।

**कषाया अपसर्पन्ति यावत् क्षान्त्यादिताडिताः ।**
**तावदात्मैव शुद्धोऽयं भजते परमात्मताम् ।।८।।**

જ્યારે ક્ષમા આદિ [ દશ યતિધર્મથી ] તાડિત કરાયેલા [ક્રોધાદિ] કષાયો દૂર થાય છે, ત્યારે શુદ્ધ એવો આ આત્મા જ પરમાત્મતાને પામે છે, પરમાત્મા થાય છે. ।।૮।।

अपसर्पन्ति ते यावत् प्रबलीभूय देहिषु ।
स तावन्मलिनीभूतो जहाति परमात्मताम् । ९॥

—જ્યાં સુધી પ્રાણીઓમાં કષાયો પ્રબલ થઈને કાર્ય કરતા હોય છે ત્યાં સુધી મલિન થયેલો તે [આત્મા] પરમાત્મતાનો ત્યાગ કરે છે, અર્થાત્ પરમાત્મા થઈ શકતો નથી. ॥૯॥

कषायास्तन्निहन्तव्यास्तथा तत्सहचारिणः ।
नोकषायाः शिवद्वारार्गलीभूता मुमुक्षुभिः ॥१०॥

—તેથી મુમુક્ષુઓએ મોક્ષદ્વારમાં અર્ગલા સમાન કષાયોનો તથા તેના [કષાયોના જ] સહચારી નોકષાયોનો નાશ કરવો જોઈએ. ॥૧૦॥

हन्तव्यः क्षमया क्रोधो मानो मार्दवयोगतः ।
माया चार्जवभावेन लोभः संतोषपोषतः ॥११॥

—ક્ષમા વડે ક્રોધનો, મૃદુતાના યોગથી માનનો ઋજુભાવથી માયાનો અને સંતોષની પુષ્ટિથી લોભનો નાશ કરવો જોઈએ. ॥૧૧॥

हर्षः शोको जुगुप्सा च भयं रत्यरती तथा ।
वेदत्रयं च हन्तव्यं तत्वज्ञैर्दृढधैर्यतः ॥१२॥

—તત્ત્વજ્ઞાનીઓએ હર્ષ, શોક, જુગુપ્સા, [દુગંછા] ભય, રતિ–અરતિ અને ત્રણ વેદ [પુરુષ-વેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ] (એમ નવ નોકષાયો) ને હણવા જોઈએ. ।।૧૨।।

रागद्वेषमयेष्वेषु हतेष्वान्तरवैरिषु ।
साम्ये सुनिश्चले यायादात्मैव परमात्मताम्॥१३॥

—એ રાગદ્વેષમય ( કષાય–નોકષાયરૂપ ) આન્તર શત્રુઓનો નાશ થતાં જ્યારે સામ્ય સ્થિર થાય છે ત્યારે આત્મા જ પરમાત્મતાને પામે છે. ।।૧૩।।

स तावद् देहिनां भिन्नः सम्यग् यावन्न लक्ष्यते ।
लक्षितस्तु भजत्यैक्यं रागाद्यञ्जनमार्जनात् ॥१४

—તે (પરમાત્મા) ત્યાં સુધી જ પ્રાણીઓને પોતાથી ભિન્ન ભાસે છે કે જ્યાં સુધી તે સારી રીતે ઓળખાયા નથી. પણ રાગાદિ મલોના

નાશથી ઓળખાયેલા તે પરમાત્મા તેની (આત્માની) સાથે એકતાને પામે છે. ॥૧૪॥

**यादृशोऽनन्तवीर्यादिगुणोऽतिविमलः प्रभुः ।**
**तादृशास्तेऽपि जायन्ते कर्ममालिन्यशोधनात् ॥१५**

—જેવા અનંતવીર્યાદિગુણોવાળા તથા અત્યંત નિર્મલ પરમાત્મા છે તેવા તેઓ (પ્રાણીઓ) પણ કર્મ મળનો નાશ થવાથી થાય છે. ॥૧૫॥

**आत्मानो देहिनो भिन्नाः कर्मपंककलंकिताः ।**
**अदेहः कर्मनिर्मुक्तः परमात्मा न भिद्यते ॥१६॥**

—કર્મમલથી કલંકિત એવા દેહધારી આત્માઓ જ પરસ્પર (કર્મકૃતભેદથી) જુદા છે. (કિન્તુ) દેહરહિત અને કર્મ રહિત એવા પરમાત્મામાં કોઈ ભેદ નથી. (નય વિશેષની અપેક્ષાએ સર્વ મુક્તાત્માઓ એક છે.) ॥૧૬॥

**संख्ययाऽनेकरूपोऽपि गुणतस्त्वेक एव सः ।**
**अनन्तदर्शनज्ञानवीर्यानन्दगुणात्मकः ॥१७॥**

**जातरूपं यथा जात्यं बहुरूपमपि स्थितम् ।**
**सर्वत्रापि तदेवैकं परमात्मा तथा प्रभुः ॥१८॥युग्मम्**

—તે પરમાત્મા સંખ્યાથી અનેક છે છતાંય બધા અનંત દર્શન–જ્ઞાન–વીર્ય–આનંદ ગુણ-સ્વરૂપ હોવાથી ગુણથી એક જ છે. ॥૧૭॥

—જેમ ઉત્તમ સુવર્ણ જુદા–જુદા સ્થાનોમાં અનેક રૂપે રહેલું હોવા છતાં પણ સર્વત્ર તે એક જ (સુવર્ણ) છે તેમ પરમાત્માના વિષયમાં પણ સમજવું ॥૧૮॥

**आकाशवदरूपोऽसौ चिद्रूपो नीरुजः शिवः ।**
**सिद्धिक्षेत्रगतोऽनन्तो नित्यः शं परमश्नुते ॥१९॥**

—આકાશની જેમ અરૂપી, જ્ઞાનસ્વરૂપી, નીરોગી, મંગલકારી સિદ્ધિક્ષેત્રમાં રહેલ, અનંત અને નિત્ય (એવા) આ (પરમાત્મા) પરમ સુખને ભોગવે છે. ॥૧૯॥

**येनैवाराधितो भावात् तस्यासौ कुरुते शिवम् ।**
**सर्वजन्तुसमस्यास्य न परात्मविभागिता ॥२०॥**

—જે (જીવ) આ (પરમાત્માનું) ભાવથી આરાધન કરે છે, તેનું (તે) કલ્યાણ કરે છે; (કારણ કે) સર્વ જીવો પ્રત્યે સમભાવવાળા આ (પરમાત્મા) ને "આ મારો અને આ પારકો" એવો ભેદભાવ નથી. ॥૨૦॥

**कृतकृत्योऽयमाराद्धः स्यादाज्ञापालनात् पुनः ।**
**आज्ञा तु निर्मलं चित्तं कर्तव्यं स्फटिकोपमम् ॥२१**

**ज्ञानदर्शनशीलानि पोषणीयानि सर्वदा ।**
**रागद्वेषादयो दोषा हन्तव्याश्च क्षणे क्षणे ॥२२॥**

**एतावत्येव तस्याज्ञा कर्मद्रुमकुठारिका ।**
**समस्तद्वादशांगार्थसारभूताऽतिदुर्लभा ॥२३॥**

(त्रिभिर्विशेषकम्)

—કૃતકૃત્ય (સર્વ પ્રયોજન સિદ્ધ થયેલા) એવા આ (પરમાત્મા) તેમની આજ્ઞાના પાલનથી આરાધ્ય (પૂજ્ય) છે. "ચિત્તને સ્ફટિક જેવું નિર્મલ કરવુ" એ જ તેમની આજ્ઞા છે. "(વળી તેમની વિશેષ આજ્ઞા એ છે કે) "જ્ઞાન, દર્શન અને ચારિત્ર (સદાચાર) હમેશાં પોષવા" અને

"રાગદ્વેષાદિ દોષો પ્રતિક્ષણ (નિરંતર) હણવા" તેમની આ આજ્ઞા સંપૂર્ણ દ્વાદશાંગીના અર્થના સાર રૂપ છે, કર્મરૂપી વૃક્ષોને માટે (છેદવા માટે) કુહાડી સમાન છે અને અત્યંત દુર્લભ છે.

॥૨૧-૨૨-૨૩॥

**विश्वस्य वत्सलेनापि त्रैलोक्यप्रभुणापि च ।**
**साक्षाद् विहरमाणेन श्रीवीरेण तदा किल ।।२४।।**
**त एव रक्षिता दुःखभैरवाद् भवसागरात् ।**
**इयं यैः स्वीकृता भक्तिनिर्भरैरभयादिभिः ।।२५**
**यैस्तु पापभराक्रान्तैः कालशौकरिकादिभिः ।**
**न स्वीकृता भवाम्भोधौ ते भ्रमिष्यन्ति दुःखिता २६**

(त्रिभिर्विशेषकम्)

—વિશ્વવત્સલ તેમ જ ત્રણ લોકના સ્વામી શ્રીભગવાન મહાવીરે પણ તેઓ જ્યારે સાક્ષાત્ વિચરતા હતા ત્યારે ભક્તિપૂર્ણ એવા અભય કુમાર વગેરે જેમણે આ (તેમની આજ્ઞા) સ્વીકારી હતી તેમનું જ આ દુઃખપૂર્ણ, ભયંકર, સંસારસાગરથી રક્ષણ કર્યું હતું. અને પાપના

ભારથી આક્રાન્ત થયેલા (દબાઈ ગયેલા) કાલ-શૌકરિક આદિ જેમણે તેમની આજ્ઞા ન સ્વીકારી તેઓ દુઃખિત થઈ સંસાર સમુદ્રમાં ભ્રમણ કરશે.

**सर्वजन्तुहिताऽऽज्ञैवाऽऽज्ञैव मोक्षैकपद्धतिः ।**
**चरिताऽऽज्ञैव चारित्रमाज्ञैव भवभञ्जनी ॥२७॥**

—આ આજ્ઞા જ સર્વ જીવોનું હિત કરનારી છે, આજ્ઞા જ મોક્ષનો એક માર્ગ છે અને આચરેલી આજ્ઞા એ જ ચારિત્ર છે, અને તે) આજ્ઞા જ ભવનો નાશ કરનારી છે. ॥૨૭॥

**इयं तु ध्यानयोगेन भावसारस्तुतिस्तवैः ।**
**पूजादिभिः सुचारित्रचर्यया पालिता भवेत् ॥२८**

—આ (આજ્ઞા) નું પાલન ધ્યાનયોગથી, ભાવપ્રધાન સ્તુતિ--સ્તવનોથી, પૂજા વગેરેથી અને ઉત્તમચારિત્રનું આચરણ કરવાથી થાય છે. ॥૨૮॥

**आराधितोऽस्त्वसौ भावस्तवेन व्रतचर्यया ।**
**तस्य पूजादिना द्रव्यस्तवेन तु सरागता ॥२९॥**

—વ્રતના આચરણ રૂપ ભાવસ્તવથી આ પરમાત્માની આરાધના થાય છે, જ્યારે પૂજા વગેરે

દ્રવ્યસ્તવથી તેમની ભક્તિ ( સરાગતા ) થાય છે. ॥૨૯॥

**चिन्तामण्यादिकल्पस्य स्वयं तस्य प्रभावतः ।**
**कृतो द्रव्यस्तवोऽपि स्यात् कल्याणाय तदर्थिनाम् ३०**

—ચિંતામણી, કલ્પવૃક્ષ આદિ તુલ્ય પરમાત્માના પ્રભાવથી તેમનો કરાયેલો દ્રવ્યસ્તવ પણ કલ્યાણના અર્થી જીવોના કલ્યાણ માટે થાય છે. ॥૩૦॥

**स्वर्गापवर्गदो द्रव्यस्तवोऽत्रापि सुखावहः ।**
**हेतुश्चित्तप्रसत्तेस्तत् कर्तव्यो गृहिणा सदा ॥३१॥**

—દ્રવ્યસ્તવ (પરલોકમાં) સ્વર્ગ અને મોક્ષ આપનાર છે અને આ લોકમાં પણ સુખ આપે છે. તે (દ્રવ્યસ્તવ) ચિત્તની પ્રસન્નતાનું કારણ છે માટે ગૃહસ્થે તે (દ્રવ્યસ્તવ) હમેશાં કરવો જોઈએ. ॥૩૧॥

**भवेद् विरतिरप्यस्य यथाशक्ति पुनर्यदि ।**
**ततः प्रक्षरितः सिंहः कर्मनिर्मथनं प्रति ॥३२॥**

--વળી જો આ (ગૃહસ્થ) ને (દ્રવ્યસ્તવની સાથે) શક્તિ અનુસાર વિરતિ પણ હોય તો (તે ગૃહસ્થ) કર્મોનો નાશ કરવા માટે સજ્જ બનેલા સિંહ જેવો થાય. (અર્થાત્ ઉદ્યત થએલો સિંહ જેમ હાથીઓનો નાશ કરે છે તેમ આવો ગૃહસ્થ પણ કર્મોનો નાશ કરે છે.) ।।૩૨।।

**श्रावको बहुकर्मापि पूजाद्यैः शुभभावतः ।**
**दलयित्वाऽखिलं कर्म शिवमाप्नोति सत्वरम् ।।३३**

--શ્રાવક અનેક પ્રકારના કર્મવાળો કર્મોથી લિપ્ત હોવા છતાં પણ શુભભાવ પૂર્વક કરેલા પૂજા વગેરે દ્રવ્યસ્તવથી સમગ્ર કર્મોનો નાશ કરીને જલદી મોક્ષને મેળવે છે. ।.૩૩।।

**येनाज्ञा यावदाराद्धा स तावल्लभते सुखम् ।**
**यावद् विराधिता येन तावद् दुःखं लभेत सः ।।३४**

--જે જેટલું આજ્ઞાનું પાલન કરે છે તે તેટલું સુખ પામે છે અને જે જેટલી તેની વિરાધના કરે છે તે તેટલું જ દુઃખ પામે છે. ।।૩૪।।

सदा तत्पालने लीनैः परमात्मात्मनात्मनि ।
सम्यक् स ज्ञायते ज्ञातो मोक्षं च कुरुते प्रभुः ॥३५

--હમેશાં તે (આજ્ઞા) ના પાલનમાં તત્પર (જીવો) પોતેજ આત્મામાં પરમાત્માને સારી રીતે જાણે છે અને તે પ્રમાણે પરમાત્માનું સમ્યગ્ જ્ઞાન થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. ॥૩૫॥

बुद्धो वा यदि वा विष्णुर्यद्वा ब्रह्माथवेश्वरः ।
उच्यतां स जिनेन्द्रो वा नार्थभेदस्तथापि हि ॥३६

--(તે પરમાત્માને) બુદ્ધ કહો, અથવા બ્રહ્મા કહો કે મહાદેવ કહો કે પછી જિનેન્દ્ર કહો તો પણ ખરેખર અર્થથી તેમાં કોઈ જ ભેદ નથી. ॥૩૬॥

ममैव देवो देवः स्यात् तव नैवेति केवलम् ।
मत्सरस्फूर्जितं सर्वमज्ञानानां विजृम्भितम् ॥३७॥

--મારો જ દેવ એ (સાચો) દેવ છે, તારો (દેવ એ સાચો દેવ) નહિ જ" એ બધું કેવળ અજ્ઞાનીઓનું ઈર્ષ્યાથી નીકળેલું વચન છે. ॥૩૭॥

**यथावस्थिततविज्ञाततत्स्वरूपास्तु किं क्वचित् ।**
**विवदन्ते महात्मानस्तत्त्वविश्रान्तदृष्टयः ? ॥३८**

--જેઓએ પરમાત્માનું યથાવસ્થિત (અર્થાત્ જેવું છે તેવું જ) સ્વરૂપ જાણ્યું છે અને જેમની દૃષ્ટિ તત્ત્વમાં જ વિશ્રાન્તિ પામી છે તેવા મહાત્માઓ શું ક્યારેય (પરમાત્માના સ્વરૂપ વિષે) વિવાદ કરે છે ? (અર્થાત્ વિવાદ કરતા નથી.) ॥૩૮॥

**स्वरूपं वीतरागत्वं पुनस्तस्य न रागिता ।**
**रागो यद्यत्र तत्रान्ये दोषा द्वेषादयो ध्रुवम् ॥३९**

--તે (પરમાત્મા) નું સ્વરૂપ વીતરાગતા (રાગરહિતપણું) છે, નહિ કે સરાગતા. (રાગિપણું) કારણ કે જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષ આદિ બીજા દોષો અવશ્ય હોય જ છે. ॥૩૯॥

**तैर्दोषैर्दूषितो देवः कथं भवितुमर्हति ? ।**
**इत्थं माध्यस्थ्यमास्थाय तत्त्वबुद्धयाऽवधार्यताम् ॥**

--મધ્યસ્થતા ધારણ કરીને તત્ત્વબુદ્ધિથી આ પ્રમાણે વિચારો કે તે (રાગાદિ) દોષોથી દૂષિત (દેવ) એ દેવ થવાને માટે કેમ યોગ્ય ગણાય ?॥૪૦॥

यद्वा रागादिभिर्दोषैः सर्वसंक्लेशकारकैः ।
दूषितेन शुभेनापि देवेनैव हि तेन किम् ।।४१।।

--અથવા તો સર્વ પ્રકારના સંક્લેશ (દુઃખ) ઉત્પન્ન કરનાર રાગાદિ દોષોથી દૂષિત એવા તે દેવ (કદાચ) સારા હોય તો પણ તેનાથી શું. ? ।।૪૧।।

वीतरागं यतो ध्यायन् वीतरागो भवेद् भवी ।
इलिका भ्रमरी भीता ध्यायन्ती भ्रमरीं यथा ।।४२

--જેમ ભય પામેલી ઈયળ, ભમરીનું ધ્યાન કરતી ભમરી થઈ જાય છે તેમ વીતરાગનું ધ્યાન કરતો આત્મા વીતરાગ થઈ જાય છે. ।।૪૨।।

रागादिदूषितं ध्यायन् रागादिविवशो भवेत् ।
कामुकः कामिनीं ध्यायन् यथा कामैकविह्वलः ।४३

--જેમ કામિનીનું ધ્યાન કરતો કામી પુરુષ કેવળ કામથી વિહ્વલ થાય છે તેમ રાગાદિથી દૂષિત (દેવ) નું ધ્યાન કરતો (આત્મા) રાગાદિને આધીન થાય છે. ।।૪૩।।

रागाद्रयस्तु पाप्मानो भवभ्रमणकारणम् ।
न विवादोऽत्र कोऽप्यस्ति सर्वथा सर्वसंमतेः । ४४

--"દુષ્ટ એવા રાગ આદિ જ ભવભ્રમણનું કારણ છે." આ બાબત સર્વપ્રકારે સૌને સંમત હોવાથી આમાં કોઈપણ પ્રકારનો વિવાદ નથી. ॥૪૪॥

**वीतरागमतो ध्यायन् वीतरागो विमुच्यते ।**
**रागादिमोहितं ध्यायन् सरागो बध्यते स्फुटम् ॥४५॥**

--આથી વીતરાગ (દેવ)નું ધ્યાન કરતો (આત્મા) વીતરાગ બની (સંસારથી) મુક્ત થાય છે અને રાગાદિથી મોહિત (દેવ) નું ધ્યાન કરતો (આત્મા) સરાગી થઈ ચોક્કસ બંધાય છે. ॥૪૫॥

**य एव वीतरागः स देवो निश्चीयतां ततः ।**
**भविनां भवदम्भोलिः स्वतुल्यपदवीप्रदः ॥४६।**

--તેથી એવો નિશ્ચય કરવો જોઈએ કે "જે વીતરાગ છે તે જ (સાચા) દેવ છે. અને તે જ (વીતરાગ જ) ભવ્ય જીવોના સંસારમાટે (સંસાર-રૂપી પર્વતનો નાશ કરવા માટે) વજ્ર સમાન છે તથા પોતાના જેવી પદવી (વીતરાગ પદવી) આપ-નાર છે." ॥૪૬॥

**इति योगसारे यथावस्थितदेवस्वरूपोपदेशकः**
**प्रथमः प्रस्तावः**

## द्वितीयः प्रस्तावः ।

## દ્વિતીય પ્રસ્તાવ

### तत्त्वसारोपदेशकः ।

### તત્ત્વસારધર્મનો ઉપદેશ

**सर्वेऽपि साम्प्रतं लोकाः प्रायस्तत्त्वपराङ्मुखाः ।**
**क्लिश्यन्ते स्वाग्रहग्रस्ता दृष्टिरागेण मोहिताः ॥१**

—વર્તમાનકાળમાં સર્વ જીવો પ્રાયઃ તત્ત્વથી વિમુખ, પોતાના આગ્રહથી બંધાયેલા અને દૃષ્ટિ-રાગ (કુદર્શનના રાગ)થી મોહિત થયેલા દુઃખ પામે છે. ॥૧॥

**दृष्टिरागो महामोहो दृष्टिरागो महाभवः ।**
**दृष्टिरागो महामारो दृष्टिरागो महाज्वरः ॥२॥**

—દૃષ્ટિરાગ એ (એક પ્રકારનો) મહાન મોહ છે, દૃષ્ટિરાગ એ સંસારનું મહા (મુખ્ય) કારણ છે, દૃષ્ટિરાગ એ મહા (વિષમ) જ્વર છે અને દૃષ્ટિરાગ એ મહાન નાશક ચીજ છે. ॥૨॥

पतितव्यं जनैः सर्वैः प्रायः कालानुभावतः ।
पापो मत्सरहेतुस्तद् निर्मितोऽसौ सतामपि ॥३॥

–કાલના પ્રભાવથી પ્રાયઃ સર્વ જીવોનું પતન થવા યોગ્ય (સંભવ) છે. તેથી સજ્જનોને પણ મત્સર ઉત્પન્ન કરનાર આ દુષ્ટ (દૃષ્ટિરાગ)નું નિર્માણ થયું છે. ॥૩॥

मोहोपहतचित्तास्ते मैत्र्यादिभिरसंस्कृताः ।
स्वयं नष्टा जनं मुग्धं नाशयन्ति च धिग् हहा ।४॥

–ખરેખર ધિક્કારછે તેમને કે જેઓ મોહ (દૃષ્ટિરાગ)થી હણાયેલા ચિત્તવાળા છે તથા મૈત્રી આદિ (ચાર ભાવનાઓ) થી રહિત છે. કારણ કે તે (લોકો) પોતે નાશ પામ્યા છે અને (બીજા) ભોળા લોકોનો નાશ કરે છે. ॥૪॥

परे हितमतिर्मैत्री मुदिता गुणमोदनम् ।
उपेक्षा दोषमाध्यस्थ्यं करुणा दुःखमोक्षधीः ॥५।

–બીજા (જીવો)નું હિત કરવાની બુદ્ધિ તે મૈત્રી, (બીજાના) ગુણોથી આનંદ પામવો તે

મુદિતા (પ્રમોદ), (બીજાના) દોષો પ્રત્યે મધ્યસ્થતા રાખવી તે ઉપેક્ષા અને (બીજાને) દુઃખોથી મુક્ત કરવાની ઈચ્છા તે કરૂણા છે. ।।૫।।

**मैत्री निखिलसत्त्वेषु प्रमोदो गुणशालिषु ।**
**माध्यस्थ्यमविनेयेषु करुणा दुःखदेहिषु ।।६।।**
**धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः ।**
**यैर्न ज्ञाता न चाभ्यस्ता स तेषामतिदुर्लभः ।।७।।**

—સર્વ જીવો પ્રત્યે મૈત્રી, ગુણી જનો પ્રત્યે પ્રમોદ, અવિનીતો પ્રત્યે મધ્યસ્થતા અને દુઃખી જીવો પ્રત્યે કરુણા (દયા) આ મૈત્રી આદિ (ચાર) ભાવનાઓ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ છે. (તેથી જેમણે આ (ચાર ભાવનાઓ) જાણી નથી અને અભ્યાસ કર્યો નથી તેમને તે (ધર્મ) પ્રાપ્ત થવો ઘણો કઠિન છે. ।।૬-૭।।

**अहो विचित्रं मोहान्ध्यं तदन्धैरिह यज्जनैः ।**
**दोषा असन्तो वीक्ष्यन्ते परे सन्तोऽपि नात्मनि ।।८**

—અહો, મોહનો અંધાપો એવો વિચિત્ર છે, કે તેનાથી અંધ થયેલા લોકોને બીજામાં ન હોય

એવા દોષો પણ દેખાય છે અને પોતામાં હોય એવા દોષો પણ દેખાતા નથી. ॥૮॥

**मदोयं दर्शन मुख्यं पाखण्डान्यपराणि तु ।**
**मदीय आगमः सारः परकीयास्त्वसारकाः ॥९॥**
**तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः ।**
**इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः ॥१०॥**
**(युग्मम्)**

—"મારું જ દર્શન (મત) શ્રેષ્ઠ છે અને બીજાં (દર્શનો) પાખંડ છે, મારું જ શાસ્ત્ર સાર-યુક્ત છે અને બીજાનાં (શાસ્ત્રો) તો અસાર છે. અમે જ તત્ત્વજ્ઞાનીઓ છીએ અને બીજા બધા જ તત્ત્વથી અજાણ અને ભ્રાન્ત છે." એ પ્રમાણે માનનારા કેવળ મત્સરી છે અને તત્ત્વના સારથી દૂર રહેલા છે. ॥૯-૧૦॥

**यथाऽऽहतानि भाण्डानि विनश्यन्ति परस्परम् ।**
**तथा मत्सरिणोऽन्योन्यं ही दोषग्रहणाद् हताः॥११**

—જેવી રીતે માટીના વાસણો પરસ્પર અથ-ડાવાથી નાશ પામે છે, તેવી રીતે મત્સરી

(ઈર્ષ્યાળુ) આત્માઓ પણ એક બીજાના દોષો જોવામાં નાશ પામે છે. ॥૧૧॥

**परं पतन्तं पश्यन्ति न तु स्वं मोहमोहिताः ।**
**कुर्वन्तः परदोषाणां ग्रहणं भवकारणम् ॥१२॥**

—સંસારના કારણરૂપ બીજાના દોષોનું ગ્રહણ કરતા (બીજાના દોષોને જોતા) મોહથી મોહિત થએલા આત્માઓ બીજાને પડતો જુએ છે પરન્તુ પોતાને પડતો જોતા નથી. (અર્થાત્ બીજાના દોષોને જોવા તે સંસારનું કારણ છે અને પોતાના દોષોને જોવા તે મોક્ષનું કારણ છે. ॥૧૨॥

**यथा परस्य पश्यन्ति दोषान् यद्यात्मनस्तथा ।**
**सैवाजरामरत्वाय रससिद्धिस्तदा नृणाम् ॥१३॥**

—જેવી રીતે બીજાના દોષોને જુએ છે તેવી રીતે જો પોતાના દોષોને જુએ તો મનુષ્યોને તે (સ્વદોષ દૃષ્ટિ) અજરામરપદ (અમરપદ) માટેની રસસિદ્ધિ છે. ॥૧૩॥

**रागद्वेषविनाभूतं साम्यं तत्त्वं यदुच्यते ।**
**स्वशंसिनां क्व तत् तेषां परदूषणदायिनाम् ।१४**

—રાગદ્વેષના અભાવરૂપ જે સામ્ય છે તે આત્મશ્લાઘા કરનાર અને બીજાના દોષ જોનારાઓને ક્યાંથી હોય ? ॥૧૪॥

मानेऽपमाने निन्दायां स्तुतौ वा लोष्टुकाञ्चने ।
जीविते मरणे लाभालाभे रंके महर्द्धिके ॥१५॥
शत्रौ मित्रे सुखे दुःखे, हृषीकार्थे शुभाशुभे ।
सर्वत्रापि यदेकत्वं तत्त्वं तद् भेद्यतां परम् ॥१६॥
(युग्मम्)

—માનમાં કે અપમાનમાં, સ્તુતિમાં કે નિંદામાં, માટીમાં કે સોનામાં, જીવનમાં કે મરણમાં, લાભમાં કે હાનિમાં, રંકમાં કે રાજામાં, શત્રુમાં કે મિત્રમાં, સુઃખમાં કે દુખમાં, ઈન્દ્રિયોના શુભ વિષયોમાં કે અશુભ વિષયોમાં (પદાર્થોમાં)-આ બધામાં જે એકતા [સમાનતા] તેજ તત્વ છે, તેથી વિરૂદ્ધ તે અતત્વ છે. ॥૧૫-૧૬॥

अष्टाङ्गस्यापि योगस्य सारभूतमिदं खलु ।
यतो यमादिभ्यासोऽस्मिन् सर्वोऽप्यस्यैव हेतवे॥१७

—ખરેખર ! અષ્ટાંગયોગનો પણ સાર આ [સમતા]જ છે, કારણ કે આ (યોગ)માં સઘળોય યમ [નિયમ] આદિનો વિસ્તાર આ [સમતા]ના જ માટે છે. ॥૧૭॥

**क्रियते दधिसाराय दधिमन्थो यथा किल ।**
**तथैव साम्यसाराय योगाभ्यासो यमादिकः ॥१८**

—જેમ દહીંના સાર [માખણ] મેળવવા માટે દહીંનું મંથન કરાય છે તેમ સમતારૂપી સારને પ્રાપ્ત કરવા યમ-[ નિયમ ] આદિ યોગોનો અભ્યાસ કરાય છે. ॥૧૮॥

**अद्य कल्येऽपि कैवल्यं साम्येनानेन नान्यथा ।**
**प्रमादः क्षणमप्यत्र ततः कर्तुं न सांप्रतम् ॥१९॥**

—આજે કે કાલે (આ ભવમાં કે પરભવમાં) પણ કેવળજ્ઞાન આ સામ્યથી જ (થવાનું) છે, બીજી (કોઈપણ રીતે નહિં. તેથી આ (બાબત માં એક ક્ષણ માત્ર પણ પ્રમાદ કરવો યોગ્ય નથી. ॥૧૯॥

किं बुद्धेन किमीशेन किं धात्रा किमु विष्णुना।
किं जिनेन्द्रेण रागाद्यैर्यदि स्वं कलुषं मनः ?॥२०

—જો પેતાનું મન રાગ વગેરેથી કલુષિત (મલિન) હોય તો બુદ્ધથી ય શું ? કે મહાદેવથી ય શું ? બ્રહ્માથી ય શું ? કે વિષ્ણુથી ય શું ? (અથવા તો યાવત્)કે જિનેન્દ્રથી (પણ) શું ? (અર્થાત્ આ દેવો પૈકી કોઈપણ મળવાથી લાભ થવાનો નથી.) ॥૨૦॥

किं नाग्न्येन सितै रक्तैः किं पटैः किं जटाभरैः।
किं मुण्डमुण्डनेनापि साम्यं सर्वत्र नो यदि ?॥२१

—જો સર્વ (વસ્તુ)માં સમભાવ ન હોય તો પછી નગ્નપણાથી ય શું ? કે શ્વેત અથવા રક્ત વસ્ત્રોથી ય શું ? જટા વધારવાથી ય શુ ? કે માથું મુંડાવવાથી પણ શું ? (અર્થાત્ આ બધું ય નિષ્ફલ છે). ॥૨૧॥

किं व्रतैः किं व्रताचारैः किं तपोभिर्जपैश्च किम्।
किं ध्यानैः किं तथा ध्येयैर्न चित्तं यदि भास्वरम्?

જો ચિત્ત નિર્મલ (રાગદ્વેષાદિ મલોથી રહિત) ન હોય તો વ્રતો, વ્રતોના આચારો, તપો, જપો, ધ્યાનો અને ધ્યેયો (ધ્યાનનાં ઉચ્ચ આલંબનો) થી પણ શું ? (અર્થાત્ આ બધું એકડા વિનાના મીંડા જેવું છે. ॥૨૨॥

**किं क्लिष्टेन्द्रियरोधेन किं सदा पठनादिभिः ।**
**किं सर्वस्वप्रदानेन तत्त्वं नोन्मीलितं यदि ? ॥२३**

–જો (સમભાવરૂપી) તત્ત્વ ન પ્રગટયું હોય તો ક્લેશદાયક એવા ઈન્દ્રિયનિગ્રહથી શું ? હમેશાં જ્ઞાનાભ્યાસથી શું ? અને સર્વસ્વનું દાન કરવાથી (પણ) શું ? ॥૨૩॥

**नाञ्चलो मुखवस्त्रं न न राका न चतुर्दशी ।**
**न श्राद्धादिप्रतिष्ठा वा तत्त्वं किन्त्वमलं मनः ॥२४**

–વસ્ત્રનો છેડો કે મુખવસ્ત્ર (મુહપત્તિ) તત્ત્વ નથી, પૂર્ણિમા કે ચતુર્દશી તત્વ નથી કે શ્રાવકોએ કરાવેલી પ્રતિષ્ઠા વગેરે (પણ) તત્વ નથી પરંતુ, નિર્મળ (પ્રસન્ન) ચિત્ત (મન) એ જ તત્વ છે. ॥૨૪॥

**दृष्ट्वा श्रीगौतमं बुद्धैस्त्रिःपञ्चशततापसैः । ***
**भरतप्रमुखैर्वापि क्व कृतो बाह्यकुग्रहः ? ॥२५॥**

—શ્રી ગૌતમસ્વામીને જોઈ ને બોધ પામેલા પંદરસો તાપસોએ અથવા ભરતચક્રી વગેરે એ બાહ્ય વસ્તુઓનો કદાગ્રહ ક્યાં કર્યો હતો ? (ચિત્ત નિર્મળ થતાં કેવળજ્ઞાનમાં વિલંબ થતો નથી તેના ઉપર્યુક્ત બે દૃષ્ટાન્તો છે.) ॥૨૫॥

**दृढप्रहारिवीरेण चिलातीपुत्रयोगिना ।**
**इलापुत्रादिभिश्चैव सेवितो योग उत्तमः ॥२६॥**

--દઢપ્રહારી જેવા વીર પુરુષે (તથા ચિલાતીપુત્ર જેવા યોગીએ અને ઈલાપુત્રે આદિ (જેવા) એ ઉત્તમ યોગ જ સેવ્યો હતો. ॥૨૬॥

---

*ઉપર્યુક્ત શ્લોકોમાં દ્રવ્ય ક્રિયા વગેરેની ગૌણતા બતાવવામાં આવી છે, એ સમતાનું પ્રાધાન્ય-બતાવે છે, અને તે તે દ્રવ્ય ક્રિયાઓ 'સામ્ય' પ્રાપ્તિના ઉદ્દેશથી કરવી જોઈએ. તેનો નિષેધ નથી એ લક્ષ્યમાં રાખવું જોઈએ.

**येन केन प्रकारेण देवताराधनादिना ।**
**चित्तं चन्द्रोज्ज्वलं कार्यं किमन्यैर्ग्रहकुग्रहैः?॥२७॥**

--દેવતાના આરાધન આદિ (પરમાત્માની ભક્તિ વગેરે) જે કોઈ પણ પ્રકારથી ચિત્તને ચંદ્ર જેવું નિર્મળ કરવું જોઈએ. બીજા આગ્રહો અને કદાગ્રહોથી શું ? ॥૨૭॥

**तथा चिन्त्यं तथा वाच्यं चेष्टितव्यं तथा तथा ।**
**मलीमसं मनोऽत्यर्थं यथा निर्मलतां व्रजेत् ॥२८॥**

--મલિન મન જે રીતે અત્યંત નિર્મળ થાય તેવું વિચારવું તેવું બોલવું અને તેવું તેવું જ આચરવું. (અર્થાત્ મન-વાણી અને આચરણમાં એકતા રાખવી.) ॥૨૮॥

**चञ्चलस्यास्य चित्तस्य सदैवोत्पथचारिणः ।**
**उपयोगपरैः स्थैर्यं योगिभिर्योगकांक्षिभिः ॥२९॥**

--યોગના અભિલાષી એવા યોગીઓએ હમેશાં ઉન્માર્ગે જવાના સ્વભાવવાળા અને ચંચલ

એવા આ ચિત્તને વશ કરવા સદા સાવધ-જાગૃત રહેવું જોઈએ. ॥૨૯॥

**सुकरं मलधारित्वं सुकरं दुस्तपं तपः ।**
**सुकरोऽक्षनिरोधश्च दुष्करं चित्तशोधनम् ॥३०॥**

–(વસ્ત્ર, શરીર વગેરે ઉપર) મલ ધારણ કરવો સહેલો છે, કઠિન તપ કરવું સરળ છે અને ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો પણ સુકર છે. પરંતુ, ચિત્તનું શોધન કરવું (ચિત્તને નિર્મળ રાખવું) તે જ દુષ્કર છે. ॥૩૦॥

**पापबुद्धया भवेत् पापं को मुग्धोऽपि न वेत्त्यदः ।**
**धर्मबुद्धया तु यत् पापं तच्चिन्त्यं निपुणैर्बुधैः ॥३१**

--પાપ બુદ્ધિથી પાપ થાય છે આ હકીકત કોણ ભોળો માણસ પણ નથી જાણતો ? પરંતુ ધર્મબુદ્ધિથી જે પાપ થાય તે ચતુર વિદ્વાનોએ વિચારવું જોઈએ. ॥૩૧॥

**अणुमात्रा अपि गुणा दृश्यन्ते स्वधियाऽऽत्मनि ।**
**दोषास्तु पर्वतस्थूला अपि नैव कथंचन ॥३२॥**

**त एव वैपरीत्येन विज्ञातव्याः परं वचः ।**
**दिग्मोह इव कोऽप्येष महामोहो महाबलः । ३३॥**
**(युग्मम्)**

--પોતામાં રહેલા અણુ જેટલા પણ ગુણો (હોય તે) પોતાની બુદ્ધિથી દેખાય છે પરંતુ પર્વત જેટલા મોટા પણ દોષો પોતાને બિલકુલ દેખાતા નથી. આ દિશા ભ્રમ જેવો એક પ્રકારનો મહાબળવાન મહામોહ છે પણ તે બાબતને વિપરીત રીતે જોવી જોઈએ. એવું આપ્તવચન છે. ॥૩૨-૩૩॥

**धर्मस्य बहुधाऽध्वानो लोके विभ्रमहेतवः ।**
**तेषु बाह्यफटाटोपात्तत्त्वविभ्रान्तदृष्टयः ॥३४॥**
**स्वस्वदर्शनरागेण विवदन्तो मिथो जनाः ।**
**सर्वथैवात्मनो धर्मं मन्यन्ते न परस्य तु ॥३५॥**
**(युग्मम्)**

--લોકમાં વિભ્રમના કારણભૂત અનેક ધર્મ માર્ગો છે. તે (ધર્મ માર્ગો)માં, બાહ્ય આડંબરના યોગે તત્વમાં ભ્રાન્ત દૃષ્ટિવાળા બનેલા લોકો પોત-

પોતાના ધર્મના રાગથી પરસ્પર વિવાદ કરે છે અને પોતાના ધર્મને જ સર્વથા (ધર્મ) માને છે પણ, બીજાના ધર્મને (ધર્મ) માનતા નથી. ॥૩૪-૩૫॥

**यत्र साम्यं स तत्रैव किमात्मपरचिन्तया ।**
**जानीत तद्विना हंहो ! नात्मनो न परस्य च ॥३६**

—જ્યાં સમતા છે ત્યાં જ તે (ધર્મ) છે. (તેમાં આ) પોતાનો અને (આ) પારકો (ધર્મ છે) એવી ચિન્તાથી શું ? કારણ કે તે (સમતા) વિનાનો (ધર્મ) તે પોતાનો ય નથી કે પારકો ય નથી. ॥૩૬॥

**क्षान्त्यादिर्दशधा धर्मः सर्वधर्मशिरोमणिः ।**
**सोऽपि साम्यवतामेव मैत्र्यादिकृतकर्मणाम् ॥३७**

—ક્ષમા આદિ દશ પ્રકારનો ધર્મ (યતિધર્મ) સર્વ ધર્મોમાં શિરોમણિ છે. તે (ધર્મ) પણ મૈત્રી આદિ (ભાવના)ના અભ્યાસી એવા સમતાવાળા જીવોને જ હોય છે. ॥૩૭॥

**साम्यं समस्तधर्माणां सारं ज्ञात्वा ततो बुधाः ।**
**बाह्यं दृष्टिग्रहं मुक्त्वा चित्तं कुरुत निर्मलम् ॥ ३८**

—હે વિદ્વાનો! તેથી "સમભાવ તે સર્વ ધર્મોનો સાર છે" એમ જાણીને બાહ્ય એવો દર્શનોનો કદાગ્રહ મૂકી; ચિત્તને નિર્મળ કરો. ॥૩૮॥

**इति श्रीयोगसारे तत्त्वसारधर्मोपदेशकः**
**द्वितीयः प्रस्तावः ।**

## तृतीयः प्रस्तावः ।

## તૃતીય પ્રસ્તાવ

### साम्योपदेशः ।

### સામ્યનો ઉપદેશ

**सहजानन्दसाम्यस्य विमुखा मूढबुद्धयः ।**
**इच्छन्ति दुःखदं दुःखोत्पाद्यं वैषयिकं सुखम् ॥१॥**

—સ્વભાવિક આનંદ આપનાર સમભાવથી વિમુખ બનેલા મૂઢ બુદ્ધિવાળાઓ દુઃખ આપનાર અને દુઃખથી ઉત્પન્ન થનાર એવા વૈષયિક સુખને ઈચ્છે છે. ॥૧॥

**कषाया विषया दुःखमिति वेत्ति जनः स्फुटम् ।**
**तथापि तन्मुखः कस्माद् धावतीति न बुध्यते ॥२॥**

—"કષાયો અને વિષયો એ દુઃખ (દુઃખનું કારણ) છે."--એવું માણસ સ્પષ્ટપણે જાણે છે, છતાં પણ તે તરફ (વિષય-કષાયની સામે) કેમ દોડે છે ? તે જાણી શકાતું નથી. ॥૨॥

**सर्वसंगपरित्यागः सुखमित्यपि वेत्ति सः ।**
**संमुखोऽपि भवेत् किं न तस्येत्यपि न बुध्यते ॥३**

—"સર્વ પ્રકારનાં સંગનો (પરિગ્રહનો) ત્યાગ તે, સુખ છે." એવું પણ તે (મનુષ્ય) જાણે છે, (છતા પણ) તે (સર્વપરિગ્રહના ત્યાગ) ની સન્મુખ પણ કેમ થતો નથી ? એ પણ સમજી શકાતું નથી. ॥૩॥

**सूक्ष्माः सूक्ष्मतरा भावा भेद्यन्ते सूक्ष्मबुद्धिभिः ।**
**एतद् द्वयं तु दुर्भेदं तेषामपि हि का गतिः ? ।४**

—સૂક્ષ્મ બુદ્ધિવાળા મનુષ્યો સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ પદાર્થો જાણી શકે છે, તેઓ પણ આ બે--વિષય કષાયને સરલતાથી જાણી શકતા નથી. તો તેઓની શી ગતિ થશે ? ॥૪॥

**अपराधाक्षमा क्रोधो मानो जात्याद्यहंकृतिः ।**
**लोभः पदार्थतृष्णा च माया कपटचेष्टितम् ॥५**
**शब्दरूपरसस्पर्शगन्धाश्च मृगतृष्णिका ।**
**दुःखयन्ति जनं सर्वं सुखाभासविमोहितम् ॥६॥**

**(युग्मम्)**

—(બીજાના) અપરાધોને સહન ન કરવા તે ક્રોધ, જાતિ વગેરેનો (આઠ વસ્તુઓનો) અહંકાર તે માન, પદાર્થોની તૃષ્ણા તે લોભ અને કપટ પૂર્વકનું આચરણ તે માયા, (વળી) ઝાંઝવાના નીર સમાન શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગંધ આ બધાં, સુખના આભાસમાં મોહિત થયેલા સર્વ જીવોને દુઃખ આપે છે. ॥૫-૬॥

**नोपेन्द्रस्य न चेन्द्रस्य तत् सुखं नैव चक्रिणः ।**
**साम्यामृतविनिर्मग्नो योगी प्राप्नोति यत् सुखम् ७**

—સામ્યરૂપી અમૃતમાં મગ્ન થયેલો યોગી જે સુખને પ્રાપ્ત કરે છે, તે સુખ નથી તો ઉપેન્દ્રને (વિષ્ણુને) અને નથી તો ઇન્દ્રનેં કે નથી તો ચક્રવર્તી ને. ॥૭॥

**रागोऽभीष्टेषु सर्वेषु द्वेषोऽनिष्टेषु वस्तुषु ।**
**क्रोधः कृतापराधेषु मानः परपराभवे ॥८॥**

**लोभः परार्थसंप्राप्तौ माया च परवञ्चने ।**
**गते मृते तथा शोको हर्षश्चागतजातयोः ॥९॥**

**अरतिर्विषयग्रामे याऽशुभे च शुभे रतिः ।**
**चौरादिभ्यो भयं चैव कुत्सा कुत्सितवस्तुषु ॥१०**

**वेदोदयश्च संभोगे व्यलीयेत मुनेर्यदा ।**
**अन्तःशुद्धिकरं साम्यामृतमुज्जृम्भते तदा ॥११॥**

**(चतुर्भिः कलापकम्)**

—જ્યારે મુનિને (તેના ચિત્તમાંથી) સર્વ અભીષ્ટ વસ્તુઓમાં રાગ, અનિષ્ટ વસ્તુઓમાં દ્વેષ અપરાધીઓ ઉપર ક્રોધ, બીજાથી થતા પરાભવમાં માન, વસ્તુની પ્રાપ્તિમાં લોભ, બીજાને ઠગવામાં માયા, (વસ્તુ) ચાલી જાય ત્યારે તથા મૃત્યુ થાય ત્યારે શોક અને (વસ્તુ) પ્રાપ્ત થતાં અને જન્મ થતાં આનંદ, અશુભ વિષયના સમૂહમાં અરતિ (દુઃખ) અને શુભમાં રતિ (સુખ), ચોર આદિથી ભય, બીભત્સ વસ્તુઓમાં જુગુપ્સા, સંભોગમાં વેદનો ઉદય (ભોગની ઈચ્છા)આ બધું નાશ પામે ત્યારે જ અંતઃકરણની શુદ્ધિ કરનારૂં સમતારૂપી અમૃત વિકસે છે. ( અર્થાત્ ) ઉત્પન્ન થઈ વૃદ્ધિ પામે છે. ॥૮-૧૧॥

**एतेषु येन केनापि कृष्णसर्पेण देहिनः ।**
**दष्टस्य नश्यति क्षिप्रं विवेकवरजीवितम् ॥१२॥**

—આ (ઉપર કહેલા રાગ આદિ) કાળા નાગો-માંથી કોઈ પણ એકથી ડસાયેલા પ્રાણીનું વિવેક-રૂપી શ્રેષ્ઠ જીવન તુરત જ નાશ પામે છે. ॥૧૨॥

**दुर्विजेया दुरुच्छेद्या एतेऽभ्यन्तरवैरिणः ।**
**उत्तिष्ठमाना एवातो रक्षणीयाः प्रयत्नतः ॥१३॥**

—આ (ઉપર્યુક્ત રાગાદિ) આન્તર શત્રુઓ દુઃખે કરીને જીતાય તેવા છે (અને) દુઃખે કરીને નાશ કરી શકાય તેવા છે. તેથી તેઓને (અંતરંગ શત્રુઓને) ઉભા થતાં જ પ્રયત્ન પૂર્વક દાબી દેવા જોઈએ. ॥૧૩॥

**यद्यात्मा निर्जितोऽमीभिस्ततो दुःखागमो महान् ।**
**यद्यात्मना जिता एते महान् सौख्यागमस्तदा ॥१४**

—જો આ ( રાગાદિ શત્રુઓ ) થી આત્મા જિતાઈ ગયો તો તેથી મહાન દુઃખ આવે છે પરન્તુ જો આત્મા વડે આ (રાગાદિ શત્રુઓ)

જિતાઈ જાય તો મહાન સુખનું આગમન થાય છે. ॥૧૪॥

**सहजानन्दता सेयं सैवात्मारामता मता ।**
**उन्मनीकरणं तद् यद् मुनेः शमरसे लयः ॥१५॥**

—મુનિનો સમભાવરૂપી રસમાં જે લય (થાય તો) તે જ સહજાનંદપણું છે. તે જ આત્મારામપણું (આત્મમગ્નતા) છે અને તે જ ઉન્મનીકરણ (મનનો નાશ–ઉદાસીનભાવ) છે. ॥૧૫॥

**साम्यं मानसभावेषु साम्यं वचनवीचिषु ।**
**साम्यं कायिकचेष्टासु साम्यं सर्वत्र सर्वदा ॥१६॥**
**स्वपता जाग्रता रात्रौ दिवा चाखिलकर्मसु ।**
**कायेन मनसा वाचा साम्यं सेव्यं सुयोगिना ॥१७**
**(युग्मम्)**

—ઉત્તમ યોગીએ મનના વિચારોમાં, વચનના તરંગોમાં, કાયાની ચેષ્ટાઓમાં, દરેક સ્થળે અને દરેક ક્ષણે, સૂતાં કે જાગતાં, રાતે કે દિવસે

બધાં જ કાર્યોમાં મન, વચન અને કાયાથી સામ્ય સેવવું જોઈએ. (સમભાવ રાખવો જોઈએ.)

॥૧૬-૧૭॥

**यदि त्वं साम्यसंतुष्टो विश्वं तुष्टं तदा तव ।**
**तल्लोकस्यानुवृत्त्या किं ? स्वमेवैकं समं कुरु ॥१८**

—જો તું સમભાવમાં સંતુષ્ટ છે તો તારા માટે જગત સંતુષ્ટ છે. (અર્થાત્ તારા પરિચયમાં આવનાર બધા પ્રાયઃ સંતુષ્ટ થઈ જાય છે.) તેથી લોકને અનુસરવા (રીઝવવા) થી શું ? તું એક પોતાને જ સમભવવાળો કર. ॥૧૮॥

**श्रुतश्रामण्ययोगानां प्रपञ्चः साम्यहेतवे ।**
**तथापि तत्त्वतस्तस्माज्जनोयं प्लवते बहिः ॥१६॥**

—શાસ્ત્રો, સાધુતા અને યોગોનો વિસ્તાર સામ્ય માટે છે, છતાં પણ આ લોક તે તત્ત્વ (સમભાવ) થી બહાર (સંસારમાં) ઠેકડા મારે છે. ॥૧૯॥

**स्वाधीनं स्वं परित्यज्य विषमं दोषमन्दिरम् ।**
**अस्वाधीनं परं मूढ ! समीकर्तुं किमाग्रहः ॥२०॥**

—હે મૂઢ ! તું દોષોના ઘર અને સમભાવ-વિનાના એવા પોતાને સુધારવાનું સ્વાધીન હોવા છતા પણ તે છોડી દઈને પરાધીન એવા બીજાને સમભાવવાળો કરવા માટે કેમ આગ્રહ રાંખે છે ? ॥૨૦॥

**वृक्षस्यच्छेद्यमानस्य भूष्यमाणस्य वाजिनः ।**
**यथा न रोषस्तोषश्च भवेद् योगी समस्तथा ।२१**

—જેમ છેદાતા વૃક્ષને રોષ (દ્વેષ) થતો નથી અને શણગારાતા ઘોડાને તોષ (રાગ) થતો નથી તેમ યોગીએ (પણ સુખ દુઃખમાં) સમભાવ-વાળા થવું જોઈએ. ॥૨૧॥

**सूर्यो जनस्य तापाय सोमः शीताय खिद्यते ।**
**तद् योगी सूर्यसोमाभः सहजानन्दतां भजेत्॥२२**

—જેમ સૂર્ય લોકોને ઉષ્ણતા આપવા માટે અને ચંદ્ર શીતળતા આપવા માટે શ્રમ કરે છે, તેમ સૂર્ય અને ચંદ્ર સમાન યોગીએ સહજાનંદતા સેવવી જોઈએ. (સહજાનદપણા માટે યત્ન કરવો જોઈએ. ॥૨૨॥

**यथा गुडादिदानेन यत् किञ्चित् त्याज्यते शिशुः।**
**चलं चित्तं शुभध्यानेनाशुभं त्याज्यते तथा ॥२३**

—જેમ ગોળ વગેરે આપીને બાળક પાસેથી કોઈ પણ વસ્તુ છોડાવી શકાય છે, તેમ શુભધ્યાન વડે ચંચલ ચિત્તમાંથી અશુભ ધ્યાન છોડાવી શકાય છે. ॥૨૩॥

**सर्वभूताविनाभूतं स्वं पश्यन् सर्वदा मुनिः**
**मैत्राद्यमृतसंमग्नः क्व क्लेशांशमपि स्पृशेत् ?॥२४**

—મૈત્રી વગેરે ભાવનારૂપી અમૃતમાં પુષ્કળ મગ્ન અને પોતાની જાતને હમેશાં સર્વ જીવોથી અભિન્ન (વ્યાપ્ત) જોતો મુનિ ક્લેશના અંશને પણ ક્યાથી સ્પર્શે ? ॥૨૪॥

**नाज्ञानाद् बालको वेत्ति शत्रुमित्रादिकं यथा।**
**तथात्र चेष्टते ज्ञानी तदिहैव परं सुखम् ॥२५॥**

—જેમ અજ્ઞાનથી બાળક, શત્રુ મિત્ર વગેરેને (શત્રુ-મિત્ર વગેરે રૂપે) જાણતો નથી તેમ જ્ઞાની (જ્ઞાન હોવા છતાં) પણ આ લોકમાં તેવી ચેષ્ટા

કરે તેવી રીતે વર્તે) તો તેને આ લોકમાં જ
પરમ સુખ છે. ॥૨૫॥

**तोषणीयो जगन्नाथस्तोषणीयश्च सद्गुरुः ।**
**तोषणीयस्तथा स्वात्मा किमन्यैर्बत तोषितैः?। २६**

**कषायविषयाक्रान्तो बहिर्बुद्धिरयं जनः ।**
**किं तेन रुष्टतुष्टेन तोषरोषौ च तत्र किम्?॥२७**
**(युग्मम्)**

—જગતના નાથ (વીતરાગ દેવ), ઉત્તમ ગુરુ અને પોતાનો આત્મા (આ ત્રણ જ) સંતુષ્ટ કરવા યોગ્ય છે. બીજાઓને રીઝવવાથી શું? (અર્થાત્ બીજાને જ રીઝવવા પ્રયત્ન કરવો વ્યર્થ છે.) (વળી આ લોક વિષય-કષાયમાં ડૂબેલો હોવાથી બહિર્દૃષ્ટિવાળો છે, તેથી તે રુષ્ટ થાય કે સંતુષ્ટ થાય તેથી શું? અને તેના ઉપર તારે પણ રોષ કે તોષ શા માટે કરવા જોઈએ ॥૨૬-૨૭॥

**असदाचारिणः प्रायो लोकाः कालानुभावतः ।**
**द्वेषस्तेषु न कर्तव्यः संविभाव्य भवस्थितिम् ॥२८**

—કાલના પ્રભાવથી લોકો પ્રાયઃ સદાચાર રહિત હોય છે; તેથી સંસારની સ્થિતિનો વિચાર

કરીને (તારે) તે લોકો પ્રત્યે દ્વેષ ન કરવો જોઈએ. ॥૨૮॥

**निःसंगो निर्ममः शान्तो निरीहः संयमे रतः ।**
**यदा योगी भवेदन्तस्तत्त्वमुद्भासते तदा ॥२९॥**

યોગી જ્યારે સંગ રહિત, મમતા રહિત, શાન્ત ઈચ્છા રહિત અને સંયમમાં લીન થાય છે ત્યારે (તેને) અંતરંગ તત્ત્વ (આત્મતત્ત્વ) નો ભાસ થાય છે. ॥૨૯॥

**सद्वृक्षं प्राप्य निर्वाति रवितप्तो यथाऽध्वगः ।**
**मोक्षाध्वस्थस्तपस्तप्तस्तथा योगी परं लयम् ।३०**

—જેમ સૂર્યના તાપથી તપેલો મુસાફર સારા વૃક્ષને પામીને વિશ્રાન્તિ પામે છે તેમ મોક્ષ માર્ગમાં રહેલ અને તપથી તપેલો યોગી શ્રેષ્ઠ લય (સમાધિ) ને પામીને વિશ્રાન્તિ પામે છે. ॥૩૦॥

**इति साम्यतनुत्राणत्रातचारित्रविग्रहः ।**
**मोहस्य ध्वजिनीं धीरो विध्वंसयति लीलया । ३१**

—આ પ્રમાણે સમભાવરૂપી બખ્તરથી ચારિત્રરૂપી શરીરની રક્ષા કરતો ધીર પુરુષ, મોહની સેનાનો લીલા પૂર્વક નાશ કરે છે. ॥૩૧॥

**इति श्रीयोगसारे साम्योपदेशप्रस्तावस्तृतीयः** ◻

## चतुर्थः प्रस्तावः ।

## ચતુર્થ પ્રસ્તાવ

### सत्त्वोपदेशः

### સત્ત્વનો ઉપદેશ

**त्यक्त्वा रजस्तमोभावौ सत्त्वे चित्तं स्थिरीकुरु ।**
**न हि धर्माधिकारोऽस्ति हीनसत्त्वस्य देहिनः ॥१॥**

—રજોભાવ અને તમોભાવનો ત્યાગ કરીને સત્ત્વભાવમાં ચિત્તને સ્થિર કર કારણ કે સત્ત્વ-હીન જીવને ધર્મનો અધિકાર નથી. ॥૧॥

**हीनसत्त्वो यतो जन्तुर्बाधितो विषयादिभिः ।**
**बाढं पतति संसारे स्वप्रतिज्ञाविलोपनात् ॥२॥**

—કારણ કે સત્વહીન પ્રાણી વિષયાદિથી પીડિત થતાં પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી ફરી સંસારમાં આસક્ત થાય છે. ॥૨॥

**सावद्यं सकलं योगं प्रत्याख्यायान्यसाक्षिकम् ।**
**विस्मृतात्मा पुनः क्लीबः सेवते धैर्यवर्जितः ॥३॥**

—સત્વ વિનાનો કાયર જીવ અન્યની સાક્ષીએ સઘળી સાવદ્ય (પાપવાળી) પ્રવૃત્તિઓ (નહિં કરવા)ની પ્રતિજ્ઞા કર્યા છતાં પણ તેને ભૂલી જઈને ફરી તેનું (સાવદ્ય વ્યાપારોનું) સેવન કરે છે. ॥૩॥

**तावद् गुरुवचः शास्त्रं तावत् तावच्च भावनाः ।**
**कषायविषयैर्यावद् न मनस्तरलीभवेत् ।४।**

—જ્યાં સુધી મન વિષયો અને કષાયોથી ચંચલ ન થાય ત્યાં સુધી જ ગુરુવચન, શાસ્ત્ર અને (શુભ) ભાવનાઓ (ટકે) છે. ॥૪॥

**कषायविषयग्रामे धावन्तमतिदुर्जयम् ।**
**यः स्वमेव जयत्येकं स वीरतिलकः कुतः ? ॥५**

—કષાયો અને વિષયોના સમૂહ તરફ દોડતા, અતિદુર્જય એક પોતાને જ (પોતાના ચિત્તને જ) જે જિતે છે તે વીરોમાં તિલક સમાન પુરૂષ કયાં ? અર્થાત્ એવા વીર પુરૂષ વિરલ હોય છે. ॥૫॥

धीराणामपि वैधुर्यंकरै रौद्रपरीषहैः ।
स्पृष्टः सन कोऽपि वीरेन्द्रः संमुखो यदि धावति॥६

—એવો કોઈક જ વીર શિરોમણિ હોય છે કે જે ધીર પુરૂષોને પણ અધીર કરે તેવા ભયંકર પરીષહો આવવા છતાંય તેની (પરીષહ વગેરેની સામે દોડે છે. ॥૬॥

उपसर्गे सुधीरत्वं सुभीरुत्वमसंयमे ।
लोकातिगं द्वयमिदं मुनेः स्याद् यदि कस्यचित्॥७

'ઉપસર્ગોમાં પુષ્કળ ધીરતા અને અસંયમમાં પુષ્કળ ભીરૂતા' આ બે લોકોત્તર વસ્તુઓ જો હોય તો કોઈક મુનિમાં હોય ॥૭॥

दुस्सहा विषयास्तावत् कषाया अतिदुःसहाः ।
परीषहोपसर्गाश्चाधिकदुःसहदुःसहाः ॥८॥

--વિષયો દુઃસહ (દુઃખપૂર્વક સહી શકાય તેવા) છે, કષાયો અતિદુઃસહ છે અને પરીષહો તથા ઉપસર્ગો તો (તે બંને કરતાં પણ) અતિશય દુઃસહ દુઃસહ છે. ॥૮॥

**जगत्त्रयैकमल्लश्च कामः केन विजीयते ।**
**मुनिवीरं विना कंचिच्चित्तनिग्रहकारिणम् ॥९॥**

--ચિત્તનો નિગ્રહ કરનાર કોઈ મુનિવીર (મુનિઓમાં વીર) વિના ત્રણ જગતમાં અદ્વિતીય મલ્લ સમાન કામ કોનાથી જીતી શકાય ? ॥૯॥

**मुनयोऽपि यतस्तेन विवशीकृतचेतसः ।**
**घोरे भवान्धकूपेऽस्मिन् पतित्वा यान्त्यधस्तलम् १०**

--કારણ કે તેનાથી (કામથી) વિવશ કરાયું છે ચિત્ત જેમનું એવા મુનિઓ પણ આ ભયંકર સંસારરૂપી અન્ધ કૂપમાં (આંધળા કૂવામાં) પડી છેક તળિએ પહોંચી જાય છે. ॥૧૦॥

**तावद् धैर्यं महत्त्वं च तावद् तावद् विवेकिता ।**
**कटाक्षविशिखान् यावद् न क्षिपन्ति मृगेक्षणाः।११**

–ધૈર્ય ત્યાં સુધી જ ટકે છે, મહત્વ પણ ત્યાં સુધી જ ટકે છે અને વિવેકીપણું પણ ત્યાં સુધી જ ટકે છે કે જ્યાં સુધી સ્ત્રીઓ કટાક્ષબાણોને ફેંકતી નથી. ॥૧૧॥

गृहं च गृहवार्तां च राज्यं राज्यश्रियोऽपि च ।
समर्प्य सकलं स्त्रीणां चेष्टन्ते दासवज्जनाः ।१२

—લોકો ઘર, ઘરની વાત, રાજ્ય અને રાજ્ય-લક્ષ્મી એ બધું સ્ત્રીઓને સોંપીને તેના દાસની માફક વર્તે છે. ॥૧૨॥

सा मित्रं सैव मन्त्री च सा बन्धुः सैव जीवितम् ।
सा देवः सा गुरुश्चैव सा तत्त्वं स्वामिनी च सा ।१३
रात्रौ दिवा च सा सा सा सर्वं सर्वत्र सैव हि ।
एवं स्त्र्यासक्तचित्तानां क्व धर्मकरणे रतिः ? ।१४
(युग्मम्)

--સ્ત્રી એ જ મિત્ર, તે જ મન્ત્રી, તે જ બન્ધુ અને તે જ જીવન. તે જ દેવ, ગુરૂ, તે જ તત્વ અને તે જ સ્વામિની. રાતે ને દિવસે, સર્વ ઠેકાણે જે કંઈ છે તે તે તે અને તે જ. આ પ્રમાણે સ્ત્રીમાં જ આસક્ત-ચિત્તવાળા પ્રાણીઓને ધર્મ કરવામાં આનંદ ક્યાંથી હોય ? ॥૧૩-૧૪॥

स्त्रीसमुद्रेऽत्र गम्भीरे निमग्नमखिलं जगत् ।
उन्मज्जति महात्माऽस्माद् यदि कोऽपि कथंचन १५

--આ ગંભીર સ્રીરૂપ સમુદ્રમાં સમગ્ર જગત ડૂબી ગયેલું છે. કોઇક મહાત્મા જ આમાંથી કોઈ પણ રીતે બહાર નીકળે તો નીકળે. ॥૧૫॥

**दूरे दूरतरे वाऽस्तु खड्गधारोपमं व्रतम् ।**
**हीनसत्त्वस्य ही चिन्ता, स्वोदरस्यापि पूरण१६**

--હીનસત્વ પ્રાણીને તલવારની ધાર જેવું વ્રત તો દૂર--દૂરથીય દૂર રહો, તેને તો પોતાના ઉદરભરણની પણ ચિન્તા થયા કરે છે. ॥૧૬॥

**यत् तदर्थं गृहस्थानां बहुचाटुशतानि सः ।**
**बहुधा च करोत्युच्चैः श्वेव दैन्यं प्रदर्शयन् ।१७।**

--કારણ કે તે, પોતાનાં ઉદરની પૂર્તિ માટે કૂતરાની જેમ અનેક પ્રકારે દીનતા દર્શાવતો ગૃહસ્થોની સેંકડો ખુશામતો કરે છે. ॥૧૭॥

**त्वमार्या त्वं च माता मे त्वं स्वसा त्वं पितुःष्वसा ।**
**इत्यादिज्ञातिसंबन्धान् कुरुषे दैन्यमाश्रितः ।१८।**

--દીનતાનો આશ્રય કરનારો તે, તું તો મારી સાસુ છે, તું મારી માતા છે, તું મારી બહેન છે

અને તું મારી ફોઈ છે. આ પ્રમાણે જ્ઞાતિના સંબંધોને કરે છે. ॥૧૮॥

**अहं त्वदीयपुत्रोऽस्मि कवलैस्तव वर्धितः ।**
**तव भागहरश्चैव जीवकस्ते तवेहकः ॥१६॥**
**एवमादीनि दैन्यानि क्लीबः प्रतिजनं मुहुः ।**
**कुरुते नैकशस्तानि कः प्रकाशयितुं क्षमः ? ।२०**
**(युग्मम्)**

"હું તમારો પુત્ર છું" "તમારા કોળિયાઓથી જ વૃદ્ધિ પામ્યો છું" "તમારો ભાગીદાર છું" "તમારો આશ્રિત છું" "તમારો ચાહનારો છું"—આ પ્રમાણે તે કાયર પુરૂષ પ્રત્યેક મનુષ્ય પાસે વારંવાર અનેક પ્રકારની દીનતાઓને જે રીતે કરે છે તેને પ્રકટ કરવાને કોણ સમર્થ છે ? ॥૧૯-૨૦॥

**आगमे योगिनां या तु सैंही वृत्तिः प्रदर्शिता ।**
**तस्यास्त्रस्यति नाम्नापि का कथाऽऽचरणे पुनः?॥**

—આગમમાં યોગીઓને જે સિંહ જેવી વૃત્તિ રાખવાનું દર્શાવવામાં આવ્યું છે તેના તો નામથી

પણ તે ત્રાસ પામે છે તો પછી આચરણમાં મૂકવાની તો વાત જ ક્યાં ? ॥૨૧॥

**किन्तु सातैकलिप्सुः स वस्त्राहारादिमूर्च्छया ।**
**कुर्वाणो मन्त्रतन्त्रादि गृहव्याप्तिं च गेहिनाम् ।२२**
**कथयंश्च निमित्ताद्यं लाभालाभं शुभाशुभम् ।**
**कोटिं काकिणिमात्रेण हारयेत् स्वं व्रतं त्यजन् ।२३**
**( युग्मम् )**

–પરન્તુ તે સુખની જ એક અભિલાષાવાળો બની વસ્ત્ર, આહાર આદિની મૂર્છાથી મન્ત્ર તન્ત્ર કરે છે, ગૃહસ્થોની ઘર સંબંધી ચિંતાઓ કરે છે અને નિમિત્ત વગેરેને તથા લાભ, નુકશાન, શુભ, અશુભ વગેરેને કહે છે. અને આ રીતે પોતાના વ્રતનો ત્યાગ કરતો તે એક કાકિણી માટે કરોડને (કરોડો રૂપિયાને) હારી જાય છે. ॥૨૨-૨૩॥

**चारित्रैश्वर्यसंपन्नं पुण्यप्राग्भारभाजनम् ।**
**मूढबुद्धिर्न वेत्ति स्वं त्रैलोक्योपरिवर्त्तिनम् ॥२४॥**

–પરંતુ મૂઢબુદ્ધિવાળો તે આત્મા પોતે ચારિત્રના ઐશ્વર્યથી સહિત હોવાથી પુણ્યના

સમુદાયનો ભાજનભૂત છે અને ત્રણેય લોકમાં શ્રેષ્ઠ છે તે વાત જાણતો નથી, ॥૨૪॥

**ततश्च भिक्षुकप्रायं मन्यमानो विपर्ययात् ।**
**भावनिःस्वधवेशानां ललनानि करोत्यसौ ॥२५॥**

–(અને) તેથી વિપર્યાસના યોગે પોતાને ભિક્ષુક જેવો (ભિખારી જેવો) માનતો આ પ્રાણી ભાવરૂપી ધન વિનાના એવા ધનિકોની ખુશામતો કરે છે. ॥૨૫॥

**प्रशान्तस्य निरीहस्य, सदानन्दस्य योगिनः ।**
**इन्द्रादयोऽपि ते रंकप्रायाः स्युः किमुतापराः? ।२६**

–જેની આભ્યંતર વૃત્તિઓ શાન્ત થઈ છે, જેને કોઈ સ્પૃહા નથી અને જે સદા આનંદમાં મગ્ન છે તેવા યોગી આગળ ઈન્દ્ર વગેરે પણ રંક જેવા છે તો બીજાઓની તો વાત જ શી ? ॥૨૬॥

**किं विभुत्वेन किं भोगैः किं सौन्दर्येण किं श्रिया ।**
**किं जीवितेन जीवानां दुःखं चेत् प्रगुणं पुरः ।२७।**

—જો આગળ દુઃખ આવવાનું નક્કી હોય તો જીવોને સત્તા, ભોગો, સૌન્દર્ય, લક્ષ્મી કે જીવિતથી ય શું ? ॥૨૭॥

**नार्थ्यंते यावदैश्वर्यं तावदायाति संमुखम् ।**
**यावदभ्यर्थ्यंते तावत् पुनर्याति पराङ्मुखम् ।२८।**
**अधैर्यादविचार्येदमिच्छाव्याकुलमानसः ।**
**हा हा हेति तदर्थं स धावन् धावन् खिद्यते ।२९।**
**( युग्मम् )**

—જ્યાં સુધી ઐશ્વર્યની ઇચ્છા નથી હોતી ત્યાં સુધી તે સન્મુખ આવે છે અને જ્યારે તેની ઇચ્છા કરવામાં આવે છે, ત્યારે તે મ્હોં ફેરવીને ચાલ્યું જાય છે. પરન્તુ ખેદની વાત છે કે અધીરતાના યોગે આ વસ્તુનો વિચાર કર્યા વિના, (માત્ર) ઇચ્છાથી વ્યાકુળ મનવાળો થયેલો અને તેને માટે દોડાદોડ કરતો પ્રાણી થાકતો નથી. ॥૨૮–૨૯॥

**स्थिरो धीरस्तु गम्भीरः संपत्सु च विपत्सु च ।**
**बाध्यते न च हर्षेण विषादेन न च क्वचित् ॥३०**

—જે પ્રાણી સ્થિરતાવાળો, ધીર અને ગંભીર છે તે કદી પણ સંપત્તિઓમાં (સંપત્તિના લાભમાં) હર્ષથી વ્યાપ્ત બનતો નથી અને વિપત્તિઓમાં (વિપત્તિઓના આગમનમાં) વિષાદથી ઘેરાતો નથી. ॥૩૦॥

**ये सिद्धा ये च सेत्स्यन्ति सर्वे सत्त्वे प्रतिष्ठिताः ।**
**सत्त्वं विना हि सिद्धिर्न प्रोक्ता कुत्रापि शासने ।३१**

—જે આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે અને જેઓ સિદ્ધિ પદને પામશે તે બધા સત્ત્વ ભાવમાં સ્થિર થયેલા હોવાથી જ. સત્વ વિના સિદ્ધિ થવાનું કોઈ પણ શાસનમાં કહેલું નથી. ॥૩૧॥

**एवमेव सुखेनैव सिध्यन्ति यदि कौलिकाः ।**
**तद्‌गृहस्थादयोऽप्येते किं न सिध्यन्ति, कथ्यताम्३२**

—જો એમને એમ સુખ પૂર્વક કૌલો (વામ-માર્ગીઓ) સિદ્ધિ પ્રાપ્ત કરતા હોય તો પછી આ ગૃહસ્થો વગેરે પણ કેમ સિદ્ધિ પ્રાપ્ત ન કરે, તે કહો ? ॥૩૨॥

**सुखाभिलाषिणोऽत्यर्थं, ग्रस्ता ऋद्ध्यादिगौरवैः।**
**प्रवाहवाहिनो ह्यत्र दृश्यन्ते सर्वजन्तवः ।३३॥**

—આ સંસારમાં સર્વ જીવો સુખના અત્યન્ત અભિલાષુક અને ઋદ્ધિ આદિના ગૌરવથી ગ્રસ્ત થયેલા છે અને તેથી પ્રવાહમાં તણાતા દેખાય છે. ॥૩૩॥

**एवमेव सुखेनैव सिद्धिर्यदि च मन्यते ।**
**तत्प्राप्तौ सर्वजन्तूनां तदा रिक्तो भवेद् भवः ।३४**

જો આ પ્રમાણે સુખથી જ મોક્ષ માનવામાં આવે તો સર્વ જીવોને તેની (મોક્ષની) પ્રાપ્તિ થઈ જાય અને (આ) સંસારૂ ખાલી થઈ જાય.

॥૩૪॥

**लोकेऽपि सात्त्विकेनैव जीयते परवाहिनी ।**
**उद्धूलिकोऽपि नान्येषां, दृश्यतेऽह्नाय नश्यताम्।**

—દુનિયામાં પણ સાત્વિક મનુષ્ય દ્વારા જ દુશ્મનની સેના જિતાય છે, જલદીથી નાશી છૂટતા બીજાઓનો તો પત્તો પણ લાગતો નથી.

॥૩૫॥

**लोकोत्तरान्तरंगस्य. मोहसैन्यस्य तं विना ।**
**संमुखं नापरैः स्थातुं शक्यते नात्र कौतुकम् ।३६।**

—સત્વ વિના, અલૌકિક એવા અંતરંગ મોહ સૈન્યની સન્મુખ બીજાઓથી તો ઉભા પણ રહી શકાતું નથી આમાં આશ્ચર્ય પામવા જેવું નથી. ।।૩૬।।

**सर्वमज्ञस्य दीनस्य, दुष्करं प्रतिभासते ।**
**सत्त्वैकवृत्तिवीरस्य ज्ञानिनः सुकरं पुनः ॥३७॥**

—અજ્ઞાની એવા હીન પુરૂષને બધું જ દુષ્કર લાગે છે જ્યારે સત્વ એ જ એક જીવન છે જેનું એવા વીર, સત્વશાળી, જ્ઞાની પુરૂષને બધું જ સહેલું લાગે છે, ।।૩૭।।

**द्वित्रास्त्रिचतुरा वापि यदि सर्वजगत्यपि ।**
**प्राप्यन्ते धैर्यगाम्भीर्यौदार्यादिगुणशालिनः ।३८।।**

—આખા જગતમાં જો ધીરતા, ગંભીરતા અને ઉદારતા આદિ ગુણોથી શોભતા માણસો

મળે તો બે ત્રણ કે ત્રણ-ચાર જ મળી શકે (વધુ નહિ). ॥૩૮॥

**बाहुल्येन तदाभासमात्रा अपि कलौ कुतः ।**
**बुसप्रायैस्तु लोकोऽयं पूरितो भवपूरकैः ॥३९॥**

—ઉપર કહ્યા તેવા તો નહિં પણ તેનો આભાસ જેમનામાં દેખાય તેવા મનુષ્યો પણ આ કલિકાલમાં ઘણા પ્રમાણમાં ક્યાથી હોય ? કારણ કે આ જગત તો ભવ પૂરો કરનારા નિસત્વ જીવોથી ભરેલું છે. ॥૩૯॥

**मानुष्यं दुर्लभं लब्ध्वा ये न लोकोत्तरं फलम् ।**
**गृह्णन्ति सुखमायत्यां पशवस्ते नरा अपि ॥४०॥**

—જેઓ દુર્લભ મનુષ્યપણું પ્રાપ્ત કરીને, ભવિષ્યમાં સુખ આપનાર લોકોત્તર ફળને ગ્રહણ કરતા નથી તેઓ મનુષ્ય હોવા છતાં પણ પશુ છે. ॥૪૦॥

**तत्पुनर्मोक्षदो धर्मः शीलांगवहनात्मकः ।**
**प्रतिश्रोतः प्लवात् साध्यः सत्त्वसारैकमानसैः ४१**

—તે કારણથી સાત્વિક પુરૂષો જ શીલના અંગોનું વહન કરવા સ્વરૂપ, મોક્ષને આપનાર એવા ધર્મને પ્રવાહની સામે તરવાની વૃત્તિથી સાધી શકે છે. ।।૪૧।।

**ततः सत्त्वमवष्टभ्य त्यक्त्वा कुग्राहिणां ग्रहम् ।**
**क्रियतां भोः ! सुधर्मस्य करणायोद्यमः सदा ।४२।**

--હે લોકો ! તે કારણથી સત્વનું આલંબન કરી, કદાગ્રહીઓના આગ્રહનો ત્યાગ કરી, સદ્-ધર્મના પાલન માટે સદા ઉદ્યમ કરો. ।।૪૨।।

**इति श्री योगसारे सत्त्वोपदेशप्रस्तावः चतुर्थः ।**

## पंचमः प्रस्तावः ।

## પંચમ પ્રસ્તાવ

### भावशुद्धिजनकोपदेशः

### ભાવશુદ્ધિ પેદાકરનાર ઉપદેશ.

**कायेन मनसा वाचा यत्कर्म कुरुते यदा ।**
**सावधानस्तदा तत्त्वधर्मान्वेषी मुनिर्भवेत् ॥१॥**

—તત્ત્વભૂત ધર્મનું અન્વેષણ કરનાર મુનિ જ્યારે જ્યારે મનથી, વાણીથી કે કાયાથી જે કંઈ ક્રિયા કરે ત્યારે ત્યારે સાવધાન (ઉપયોગવાન) રહે. ॥૧॥

**इष्टानिष्टेषु भावेषु, सदा व्यग्रं मनो मुनिः ।**
**सम्यङ् निश्चयतत्त्वज्ञः स्थिरीकुर्वीत सात्त्विकः ।२**

—નિશ્ચય પૂર્વક તત્ત્વને જાણનાર એવો સાત્ત્વિક મુનિ, ઈષ્ટ અને અનિષ્ટ પદાર્થોમાં હમેશાં વ્યગ્ર થતા એવા મનને સારી રીતે સ્થિર કરે. ॥૨॥

**अशुभं वा शुभं वापि स्वस्वकर्मफलोदयम् ।**
**भुञ्जानानां हि जीवानां, हर्त्ता कर्त्ता न कश्चन ।३**

—જીવો પોતપોતાના કર્મના ફલના ઉદયને-પછી તે અશુભ હોય યા શુભ હોય—ભોગવે છે, અન્ય કોઈ તેનો કરનારો કે દૂર કરનારો નથી. ॥૩॥

**मृतप्रायं यदा चित्तं, मृतप्रायं यदा वपुः ।**
**मृतप्रायं यदाऽक्षाणां वृन्दं पक्वं तदा सुखम् ।४।**

—જ્યારે ચિત્ત મૃતપ્રાય થઈ જાય, જ્યારે શરીર મૃતપ્રાય થઈ જાય અને જ્યારે ઈન્દ્રિયોનો સમૂહ મૃતપ્રાય થઈ જાય ત્યારે જ સુખ પરિપકવ દશાને પામ્યું છે એમ સમજવું ॥૪॥

**आजन्माज्ञानचेष्टाः स्वा, निन्द्यास्ता प्राकृतैरपि ।**
**विचिन्त्य मूढ ! वैदग्ध्यगर्वं कुर्वन्न लज्जसे ।५।**

—હે મૂર્ખ ! સામાન્ય મનુષ્યોથી પણ નિન્દા કરવા યોગ્ય તે પોતે કરેલી જન્મથી આરંભી આજ પર્યંતની અજ્ઞાનની ચેષ્ટાઓનો વિચાર

કર્યા પછી પણ પંડિતપણાનો ગર્વ કરતાં તું શરમાતો નથી ? ॥૫॥

**निरुन्ध्याच्चित्तदुर्ध्यानं निरुन्ध्यादयतं वचः ।**
**निरुन्ध्यात् कायचापल्यं, तत्त्वतल्लीनमानसः ।६।**

—તત્ત્વમાં તલ્લીન મનવાળા આત્માએ ચિત્તનું દુર્ધ્યાન, વચનનો અસંયમ તથા કાયાની ચપલતાનો નિરોધ કરવો જોઈએ. ॥૬॥

**दिनातिवाहिकां कष्टां दृष्ट्वा बन्द्यादिदुःखिनाम् ।**
**रुद्धमेकान्तमौनाभ्यां तपंश्चित्तं स्थिरीकुरु ॥७॥**

—કેદી વગેરે દુઃખી પ્રાણીઓની કષ્ટપૂર્વક દિવસો પસાર કરવાની દશાને જોઈને, તપ કરતો તું એકાન્ત અને મૌનથી ચિત્તનો રોધ કરીને તેને સ્થિર કર. ॥૭॥

**मुनिना मसृणं शान्तं, प्राञ्जलं मधुरं मृदु ।**
**वदता तापलेशोऽपि त्याज्यः स्वस्य परस्य च ।८।**

—મુનિએ એવું કોમલ, શાન્ત, સરળ, મધુર અને સ્નિગ્ધ વચન બોલવું જોઈએકે જેથી પોતાને અને પરને લવલેશ પણ તાપ ન થાય. ॥૮॥

**कोमलापि सुसाम्यापि वाणी भवति कर्कशा ।**
**अप्राञ्जलाऽस्फुटात्यर्थं विदग्धा चर्विताक्षरा ।९।**

—કોમલ અને સારી સમતાપૂર્વકની વાણી પણ કર્કશ, વક્ર, અસ્પષ્ટ, વધુ પડતા ડહાપણ-વાળી તથા ચીપી ચીપીને બોલાએલી હોઈ શકે છે. (માટે તેવી વાણીનો પ્રયોગ ન કરવો.) ॥૯॥

**औचित्यं ये विजानन्ति, सर्वकार्येषु सिद्धिदम् ।**
**सर्वप्रियंकरा ये च ते नरा विरला जने ॥१०॥**

—સર્વ કાર્યોમાં સિદ્ધિ આપનાર ઔચિત્યને જેઓ જાણે છે અને જેઓ સર્વનું પ્રિય કરનારા છે તેવા મનુષ્યો આ લોકમાં વિરલ જ હોય છે. ॥૧૦॥

**औचित्यं परमो बन्धु-रौचित्यं परमं सुखम् ।**
**धर्मादिमूलमौचित्यमौचित्यं जनमान्यता ॥११॥**

--ઔચિત્ય ( ગુણ ) એ પરમ બંધુ છે, ઔચિત્ય પરમ સુખ છે, ધર્મ આદિનું મૂળ પણ ઔચિત્ય છે અને ઔચિત્ય (જ) લોકમાં માન્ય બનાવનાર છે. ॥૧૧॥

**कर्मबन्धदृढश्लेषं सर्वस्याप्रीतिकं सदा ।**
**धर्मार्थिना न कर्तव्यं वीरेण जटिनि यथा ।१२।**

—ધર્માર્થી પુરુષે કર્મનો ગાઢ બંધ કરાવનાર અને સદા સર્વને અપ્રીતિ કરનાર કોઈ જ કાર્ય શ્રી વીર ભગવંતે તાપસના વિષયમાં જેમ ન કર્યું તેમ ન કરવું જોઈએ. ॥૧૨॥

**बीजभूतं सुधर्मस्य सदाचारप्रवर्तनम् ।**
**सदाचारं विना स्वैरिण्युपवाससन्निभो हि सः ।१३।**

--સદાચારમાં પ્રવૃત્તિ એ સદ્ધર્મનું બીજ છે. સદાચાર વિનાનો ધર્મ તે વ્યભિચારિણી સ્ત્રીના ઉપવાસ જેવો (હાંસી પાત્ર) છે. ॥૧૩॥

**मूर्तो धर्मः सदाचारः सदाचारोऽक्षयो निधिः ।**
**दृढं धैर्यं सदाचारः सदाचारः परं यशः ॥१४॥**

--સદાચાર એ મૂર્તિમાન ધર્મ છે, સદાચાર કદી ન ખૂટનારો ભંડાર (અક્ષયનિધાન) છે, સદાચાર એ સ્થિર રહેનારું ધૈર્ય છે અને સદાચાર એ શ્રેષ્ઠ યશ છે. ॥૧૪॥

लोभमुन्मूलयन्मूलादप्रमत्तो मुनिः सदा ।
क्षायोपशमिके भावे स्थितोऽनुत्सुकतां व्रजेत् ।१५।

--ક્ષાયોપશમિક ભાવમાં રહેલા અપ્રમાદી મુનિએ લોભને મૂળથી ઉખાડી સદા ઉત્સુકતાને ત્યાગ કરવો જોઈએ. ॥૧૫॥

संसारसरणिर्लोभो, लोभः शिवपथाचलः।
सर्वदुःखखनिर्लोभो, लोभो व्यसनमन्दिरम्॥१६॥
शोकादीनां महाकन्दो लोभः क्रोधानलानिलः ।
मायावल्लिसुधाकुल्या, मानमत्तेभवारुणी ॥१७॥

--લોભ એ સંસારને માર્ગ છે, લોભ એ મોક્ષના માર્ગમાં (જતાં રોકનાર) પર્વત છે, લોભ એ સર્વ દુઃખોની ખાણ છે, લોભ એ કષ્ટોનું મન્દિર છે, લોભ એ શોક આદિ દુઃખોને પેદા કરવા માટે મહાકન્દ છે, લોભ એ ક્રોધરૂપી અગ્નિને પ્રજ્વલિત કરવા માટે પવન સમાન છે, લોભ એ માયારૂપી વેલડીને વધારવા માટે અમૃતની નીક સમાન છે અને લોભ એ માનરૂપી મન્દોન્મત્ત હાથીને (વધુ પાગલ કરવા) માટે મદિરા સમાન છે. ॥૧૬-૧૭॥

**त्रिलोक्यामपि ये दोषास्ते सर्वे लोभसंभवाः ।**
**गुणास्तथैव ये केऽपि ते सर्वे लोभवर्जनात् ।१८।**

—ત્રણેય લોકમાં જે કોઈ દોષો છે તે લોભથી પેદા થયેલા છે. તેવી રીતે જે કોઈ ગુણો છે તે બધા લોભના ત્યાગથી પેદા થયેલા છે. ।।૧૮।।

**नैरपेक्ष्यादनौत्सुक्यमनौत्सुक्याच्च सुस्थता ।**
**सुस्थता च परानन्दस्तदपेक्षां क्षयेद् मुनिः ।।१९।।**

—કોઈપણ વસ્તુની અપેક્ષા છોડી દેવાથી ઉત્સુકતાનો નાશ થાય છે, ઉત્સુકતાના નાશથી સુસ્થતા પ્રગટે છે અને સુસ્થતા એ જ શ્રેષ્ઠ આનંદ છે. તેથી મુનિએ (સર્વ પ્રથમ) અપેક્ષાનો જ નાશ કરવો જોઈએ. ।।૧૯।। •

**अधर्मो जिह्मता यावद् धर्मः स्याद् यावदार्जवम् ।**
**अधर्मधर्मयोरेतद् द्वयमादिमकारणम् ।।२०।।**

—જ્યાં સુધી વક્રતા છે ત્યાં સુધી અધર્મ છે અને જ્યાં સુધી સરલતા છે ત્યાં સુધી ધર્મ છે. અધર્મ અને ધર્મનાં આ બે (વક્રતા અને સરળતા) મુખ્ય કારણો છે. ।।૨૦।।

**सुखमार्जवशीलत्वं सुखं नीचैश्च वर्तनम् ।**
**सुखमिन्द्रियसंतोषः सुखं सर्वत्र मैत्र्यकम् ॥२१॥**

--સરળ સ્વભાવપણું સુખ છે, નમ્ર વર્તન સુખ છે, ઈન્દ્રિયોના વિષયોમાં સન્તોષ રાખવો તે સુખ છે અને સર્વત્ર મૈત્રી ભાવના તે સુખ છે. ॥૨૧॥

**संतुष्टं सरलं सोमं नम्रं तं कूरगड्डुकम् ।**
**ध्यायन् मुनिं सदा चित्ते, को न स्याच्चन्द्रनिर्मलः ?**

--સંતોષી, સરલ, સૌમ્ય તથા નમ્ર તે કૂરગડુક મુનિનું સદા ચિત્તમાં ધ્યાન કરનાર કયો આત્મા ચન્દ્ર સમાન નિર્મલ ન થાય ? ॥૨૨॥

**सुकुमारसुरूपेण शालिभद्रेण भोगिना ।**
**तथा तप्तं तपो ध्यायन् न भवेत् कस्तपोरतः ? ॥२३॥**

–સુકુમાર, સુંદરરૂપ સંપન્ન અને ભોગી એવા શાલિભદ્રે તેવી રીતે તપ કર્યું કે જેનું ચિન્તન કરનારો કોણ તપમાં રક્ત ન બને ? ॥૨૩॥

**किं न चेतयसे मूढ ? मृत्युकालेऽप्युपस्थिते ।**
**विषयेषु मनो यत्तो, धावत्येव निरङ्कुशम् ॥२४॥**

—હે મૂઢ આત્મન્ ! મૃત્યુકાલ નજીક આવી પહોંચવા છતાં પણ તું કેમ સમજતો નથી ! કેમકે તારૂં મન વિષયો તરફ નિરંકુશ બનીને (હજી પણ) દોડયા જ કરે છે. ॥૨૪॥

**जीविते गतशेषेऽपि, विषयेच्छां वियोज्य ते ।**
**चेत् तपःप्रगुणं चेतस्ततः किञ्चिद् न हारितम् ॥२५॥**

—જીવિત લગભગ સમાપ્ત થવા છતાં ય જો તારૂં મન વિષયોની ઇચ્છાનો ત્યાગ કરી તપ માટે તત્પર હોય તો હજી પણ કશું જ ગુમાવ્યું નથી. ॥૨૫॥

**कूटजन्मावतारं स्वं पापोपायैश्च संकुलम् ।**
**व्यर्थं नीत्वा बताद्यापि, धर्मे चित्तं स्थिरीकुरु ।२६।**

—કૂડ, કપટ અને પાપના ઉપયોથી પોતાના આ જન્મને વ્યર્થ ગુમાવીને હજી પણ ધર્મમાં ચિત્તને સ્થિર કર. ॥૨૬॥

**अनन्तान् पुद्गलावर्तानात्मन्नेकेन्द्रियादिषु ।**
**भ्रान्तोऽसि च्छेदभेदादिवेदनाभिरभिद्रुतः ॥२७॥**

साम्प्रतं तु दृढीभूय सर्वदुःखदवानलम् ।
व्रतदुःखं कियत्कालं, सह मा मा विषीद भोः! ।२८

—હે આત્મન્ ! એકેન્દ્રિય આદિ યોનિઓમાં અનન્ત પુદ્ગલ પરાવર્તોપર્યંત તું રખડ્યો છે અને ત્યાં છેદન ભેદન આદિ વેદનાઓ તે સહન કરી છે, તો હવે દૃઢ બની સર્વ દુઃખોને (સળગાવી દેવા) માટે દાવાનલ સમાન વ્રતના કષ્ટને થોડાક કાલપર્યંત સહી લે, પણ વિષાદ ન કર. ॥૨૭-૨૮॥

उपदेशादिना किञ्चित् कथंचित् कार्यते परः ।
स्वात्मा तु स्वहिते योक्तुं मुनीन्द्रैरपि दुष्करः ।२९

—અન્ય જીવને ઉપદેશ આદિ દ્વારા કોઈપણ રીતે કંઈ (ધર્માચરણ આદિ) કરાવી શકાય છે, પરંતુ પોતાના આત્માને પોતાના હિતમાં (ધર્મમાં) જોડવો તે તો મુનીન્દ્રોથી પણ દુષ્કર છે. ॥૨૯॥

यदा दुःखं सुखत्वेन दुःखत्वेन सुखं यदा ।
मुनिर्वेत्ति तदा तस्य मोक्षलक्ष्मीः स्वयंवरा ॥३०॥

—મુનિ જ્યારે (વ્રત આદિના) દુઃખને સુખ-રૂપે અને (વિષયો આદિના) સુખને દુઃખરૂપે જાણે છે ત્યારે તેને મોક્ષલક્ષ્મી સ્વયં વરે છે. ॥૩૦॥

**सर्वं वासनया दुःखं सुखं वा परमार्थतः ।**
**ग्लायत्यस्त्रेक्षणेऽप्येको, हतोऽप्यन्यस्तु तुष्यति ।३१**

—પરમાર્થથી સુખ યા દુઃખ એ બધું મનની ભાવનાથી જ છે, કારણ કે એક વ્યક્તિ અસ્ત્રને (હથિયારને) જોતાં જ ગ્લાનિ પામે છે જ્યારે બીજી વ્યક્તિ અસ્ત્રથી (હથિયારથી) હણાવા છતાંય ખુશ થાય છે. ॥૩૧॥

**सुखमग्नो यथा कोऽपि लीनः प्रेक्षणकादिषु ।**
**गतं कालं न जानाति तथा योगी परेऽक्षरे ।३२।**

—જેમ સુખમાં મગ્ન એવો કોઈ માણસ નાટક આદિ જોવામાં લીન થાય છે ત્યારે કેટલો કાલ પસાર થયો તે પણ જાણતો નથી તેમ શ્રેષ્ઠ અક્ષર (પરમાત્મા યા अर्हं)માં (તેના ધ્યાનમાં) લીન થયેલો યોગી પણ વીતેલા કાલને જાણતો નથી. ॥૩૨॥

**मृगमित्रो यदा योगी वनवाससुखे रतः ।**
**तदा विषयशर्मेच्छामृगतृष्णा विलीयते ॥३३॥**

—જ્યારે યોગી પુરૂષ પશુઓનો મિત્ર બની વનવાસના સુખમાં રક્ત બને છે ત્યારે તેની વિષય સુખોની ઇચ્છારૂપી મૃગતૃષ્ણા નાશ પામે છે. ॥૩૩॥

**वने शान्तः सुखासीनो, निर्द्वन्द्वो निष्परिग्रहः ।**
**प्राप्नोति यत्सुखं योगी सार्वभौमोऽपि तत्कुतः ।३४।**

—શાન્ત સુખમાં રહેલ, જેના દ્વન્દ્વ (રાગદ્વેષ) આદિ) ચાલ્યાં ગયાં છે તેવો, પરિગ્રહ વિનાનો યોગી વનમાં જે સુખ પ્રાપ્ત કરે છે તે સુખ સાર્વ-ભૌમ રાજાને પણ ક્યાંથી હોય ? ॥૩૪॥

**जन्मभूत्वात् पुलिन्दानां वनवासे यथा रतिः ।**
**तथा विदिततत्त्वानां यदि स्यात् किमतः परम् ३५**

—જેમ ભીલ વગેરે લોકોને પોતાની જન્મ ભૂમિ હોવાથી વનવાસમાં આનંદ આવે છે તેમ

તત્ત્વોના જાણકાર (યોગી)ને પણ જો વનવાસમાં આનંદ આવે તો પછી બીજું શું જોઈએ ?॥૩૫॥

**एको गर्भे स्थितो जात एक एको विनङ्क्ष्यसि ।**
**तथापि मूढ ! पत्न्यादीन् किं ममत्वेन पश्यसि ?३६**

—તું એકલો જ ગર્ભમાં રહ્યો, એકલો જ જન્મ પામ્યો અને એકલો જ મૃત્યુ પામીશ. આ જાણવા છતાં પણ હે મૂઢ ! પત્ની આદિને મમત્વ બુદ્ધિથી કેમ જુએ છે ? ॥૩૬॥

**पापं कृत्वा स्वतो भिन्नं कुटुम्बं पोषितं त्वया ।**
**दुःखं सहिष्यसे स्वेन, भ्रान्तोऽसि हा महान्तरे ?३७**

—હે આત્મન્ ! તેં પાપ કરીને તારાથી ભિન્ન એવા કુટુંબને પોષ્યું અને (તે પાપનું) દુઃખ તું જાતે સહન કરવાનો છે. ખેદની વાત છે કે તું મોટા ચક્રાવામાં ફસાઈ ગયો છે. ॥૩૭॥

**चलं सर्वं क्षणाद् वस्तु दृश्यतेऽथ न दृश्यते ।**
**अजरामरवत् पापं, तथापि कुरुषे कथम् ॥३८॥**

--દુનિયાની સર્વ ચીજો ચંચલ છે. ક્ષણમાં તે દેખાય છે અને ક્ષણ પછી તે દેખાતી નથી, તો પણ તું પોતાને અજર અમર (કદી વૃદ્ધત્વ ન પામનારો અને કદી ન મરનારો) માનીને પાપને શા માટે કરે છે ? ॥૩૮॥

**सप्तधातुमये श्लेष्ममूत्राद्यशुचिपूरिते ।**
**शरीरकेऽपि पापाय, कोऽयं शौचाग्रहस्तव? ।३९।**

—સાત ધાતુઓથી વ્યાપ્ત અને શ્લેષ્મ, મૂત્ર આદિ અશુચિથી ભરેલા શરીરમાં પણ તને કેવી જાતનો આ પવિત્રતાનો આગ્રહ છે ? કે જે પાપને માટે થનાર છે. ॥૩૯॥

**शारीरमानसैर्दुःखैर्बहुधा बहुदेहिनः ।**
**संयोज्य साम्प्रतं जीव ! भविष्यसि कथं स्वयम् ४०**

—હે આત્મન્ ! ઘણા પ્રાણીઓને, ઘણી ઘણી રીતે શારીરિક અને માનસિક દુઃખો સાથે હાલમા તુ સંયોગ કરાવે છે, તો તારૂં પોતાનું ભવિષ્યમાં શું થશે ? ॥૪૦॥

**धर्मं न कुरुषे मूर्ख ! प्रमादस्य वशंवदः ।**
**कल्ये हि त्रास्यते कस्त्वां, नरके दुःखविह्वलम् ॥४१॥**

—હે મૂર્ખ ! પ્રમાદને વશ પડેલો તું અત્યારે ધર્મને કરતો નથી, તો પછી નરકમાં દુઃખથી વિહ્વલ બનેલા તને કાલે કોણ બચાવશે ? ॥૪૧॥

**कन्धराबद्धपापाश्मा, भवाब्धौ यद्यधोगतः ।**
**क्व धर्मरज्जुसंप्राप्तिः ? पुनरुच्छलनाय ते ॥४२॥**

—જો તું, ડોકમાં પાપરૂપી પત્થર બાંધીને ભવસાગરમાં નીચે ચાલ્યો જઈશ તો પછી બહાર આવવા માટે તને ધર્મરૂપી દોરડાની પ્રાપ્તિ ફરી ક્યાંથી થશે ? ॥૪૨॥

**दुःख कूपेऽत्र संसारे, सुखलेशभ्रमोऽपि यः ।**
**सोऽपि दुःखसहस्त्रेणानुविद्धोऽतःकुतः सुखम्? ४३**

—દુઃખના કૂવા જેવા આ સંસારમાં સુખના લેશનો જે ભ્રમ થાય છે તે પણ હજારો દુઃખોથી વીંટાયેલ છે. તેથી સંસારમાં સુખ ક્યાંથી લાવવું ? (સંસારમાં સુખ છે જ ક્યાં ?) ॥૪૩॥

खितानखिलाञ्जन्तून् पश्यतीह यथा यथा ।
था तथा भवस्यास्य विशुद्धात्मा विरज्यति ।४४

—વિશુદ્ધ આત્મા જેમ જેમ સંસારમાં સમગ્ર જીવોને દુઃખી જુવે છે તેમ તેમ તે આ સંસારથી વિરાગી બને છે. ॥૪૪॥

संसारावर्तनिर्मग्नो घूर्णमानो विचेतनः ।
अध एव जनो याति निकटेऽपि तटे हहा ॥४५॥
तिर्यग्गोऽयं यथा च्छिन्दन् नद्याः स्यात् पारगः सुधीः
भवस्यापि तथोत्सर्गापवादकुशलो मुनिः ॥४६॥

—ખેદની વાત છે કે સંસાર (રૂપી નદી)ના આવર્તમા ડૂબેલો પ્રાણી કિનારો પાસે હોવા છતાં પણ ગોથાં ખાતો ખાતો બેભાન બની નીચે જ ચાલ્યો જાય છે. પરન્તુ જેમ નદીમાં તિરછું ગમન કરતો અને નદીના પાણીને કાપતો કુશલ પુરુષ નદીના પારને પામે છે, તેમ ઉત્સર્ગ અને અપવાદમાં કુશલ મુનિ પણ સંસારનો પાર પામે છે. ॥૪૫-૪૬॥

एभिः सर्वात्मना भावैर्भावितात्मा शुभाशयः ।
कामार्थविमुखः शूरः सुधर्मैकरतिर्भवेत् ॥४७॥

—સુંદર અન્તઃકરણવાળા, વીરપુરુષે, આ (ઉપર વતાવેલા) ભાવોથી સંપૂર્ણ રીતે પોતાના આત્માને ભાવિત કરીને અને કામ તથા અર્થથી પરાઙ્મુખ બનીને શુદ્ધ ધર્મમાં જ સંપૂર્ણ લયલીન થવું જોઈએ. ॥૪૭॥

**इति तत्त्वोपदेशौघक्षालितामलमानसः ।**
**निर्द्वन्द्व उचिताचारः सर्वस्यानन्ददायकः ॥४८॥**
**स्वस्वरूपस्थितः पीत्वा योगी योगरसायनम् ।**
**निःशेषक्लेशनिर्मुक्तं प्राप्नोति परमं पदम् ॥४९॥**

--આ પ્રમાણે તત્ત્વના ઉપદેશના સમૂહથી સ્વચ્છ થયું છે નિર્મલ મન જેનું એવો અને રાગ દ્વેષ આદિ દ્વન્દ્વોથી રહિત, ઉચિત આચારોનું પાલન કરનાર, સર્વને આનંદ આપનાર અને પોતાના સ્વરૂપમાં સ્થિત એવો યોગી યોગરૂપી રસાયણનું પાન કરીને સમગ્ર ક્લેશોથી સંપૂર્ણ રીતે મુક્ત એવા પરમપદ મોક્ષને પ્રાપ્ત કરે છે.

॥૪૮--૪૯॥

**इति श्री योगसारे भावशुद्धिजनकोपदेशः**
**पञ्चमः प्रस्तावः समाप्तः**